
વર્ષ : ૩૬
અંક : ૬
જૂન-૨૦૧૨

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



**સંગમદેવ દ્વારા પ્રભુ મહાવીરને થયેલા ઉપસર્ગો**


**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત) કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## આપણી સંસ્થામાં યોજાયેલ સ્વાધ્યાયશ્રેણી દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો



આદ.બા.બ્ર.શ્રી પવનભૈયા



આદ.બા.બ્ર.શ્રી કમલભૈયા



આદ.બા.બ્ર.શ્રી પંકજભૈયા

## પૂના-પંચગીની મુકામે મુમુક્ષુઓ સાથે પૂજ્યશ્રી
(તા. ૧-૫-૨૦૧૨ થી તા. ૭-૫-૨૦૧૨)









# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ..........શ્રીમદ્ રાજચંદ્રજી..... ૩

(૨) ઐસી કરી ગુરુદેવ દયા ..... પૂજ્યશ્રી આત્માનંદજી ...... ૪

(૩) રત્નત્રય ................શ્રી મણિભાઈ શાહ..... ૭

(૪) સાધકનો પ્રમાદ.........ડૉ. કુમારપાળ દેસાઈ..... ૯

(૫) શ્રી પદ્મનંદિ આચાર્ય ...પ્રા. ચંદાબહેન પંચાલી.... ૧૩

(૬) બાર ભાવના ................પૂજ્ય બહેનશ્રી.... ૧૬

(૭) શ્રી આનંદઘન ચોવીશી .. શ્રી અશોકભાઈ શાહ.... ૧૮

(૮) અપૂર્વ અવસર........... શ્રી વલભજી હીરજી.... ૨૨

(૯) વિગ્રહનું બીજ ............શ્રી ધૂની માંડલિયા.... ૨૩

(૧૦) ભક્તિ ................. શ્રી મધુભાઈ પારેખ.... ૨૪

(૧૧) કરોડોની મિલકત ..........શ્રી રવિલાલ વોરા.... ૨૬

(૧૨) पाँच इन्द्रिय ....................... बा.ब्र. पवन जैन ..... ૨ ૭

..................................... बा.ब्र. कमल जैन

(૧૩) બાળવિભાગ .......... શ્રી મિતેશભાઈ શાહ.... ૨૯

(૧૪) Yuva Times ........................................... ૩૧

(૧૫) સમાજ-સંસ્થા દર્શન ............................૩૩



વર્ષ : ૩૬ જૂન, ૨૦૧૨ અંક - ૬

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

**-: પ્રેરક :-**

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: સંપાદક :-**

**શ્રી મિતેશ એ. શાહ**

**-: સ્વત્વાધિકારી :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

**-: લવાજમ શ્રેણી :-**

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૧૮૦

આજીવન રૂા. ૭૫૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 2500

$-60, £-35

આજીવન : Rs. 7000

$-170, £-110

By Sea Mail


આજીવન : Rs. 3500

$-85, £-60

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

આપે કહ્યું છે કે "આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે અને આત્મપરિણામની અસ્વસ્થતાને શ્રી તીર્થંકર અસમાધિ કહે છે." આપની આ વાત તો સંપૂર્ણ સત્ય જ છે પરંતુ સમસ્યા એ છે કે આત્મપરિણામની અસ્વસ્થતાને રોકવી કઈ રીતે ? આત્મપરિણામની સ્વસ્થતાને સાધવી કઈ રીતે ? અને એનું આરાધન કરીને 'ધર્મ'ની પ્રાપ્તિ કરવી કઈ રીતે ?

જો કે આ પ્રશ્નોના ઉત્તરો તો આપના વચનામૃતમાંથી પણ મળી જાય છે, જેમ કે - નિરંતર સત્સંગનું સેવન કરવું, અસત્ પ્રસંગોથી દૂર રહેવું, આરંભ-પરિગ્રહનું અલ્પત્વ કરવું, અપ્રમાદી થવું, ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો, અત્યંત નિશ્ચય કરી આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો વગેરે.

પરંતુ આ બધું સાંભળ્યા છતાં, સમજાયા છતાં અને શ્રદ્ધયા છતાં તેને જીવનમાં ઉતારવાનું બની શકતું નથી, ત્યાં કેમ કરવું ? ઉતારવાનું બળ પણ નથી તેનું શું કરવું ? સમાધિ કેવી રીતે સાધવી અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે કરવી ? - એવા પ્રશ્નો ઊઠે છે. છતાં પણ એક આશ્વાસન એ છે કે આપે એમ પણ કહ્યું છે કે "જ્ઞાનીપુરુષના આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે." આપનું આ અમૃતવચન મારે માટે એક સુદૃઢ આલંબન છે અને જીવનપર્યંત એ અમૃતવચનમાં દૃઢ વિશ્વાસ રહે એવી નિશ્ચલ ભાવના છે અને "બીજો મનમંદિર આણું નહીં" એ દૃઢ નિર્ણય હોવાથી આવતા ભવમાં આવો જ ભાવ રહેશે એવી શ્રદ્ધા પણ છે, તેથી હું આપની પાસે માત્ર એટલું જ માગું છું કે

ભવોભવ તુમ ચરણોની સેવા,
હું તો માગું છું કૃપાળુદેવા !


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

**- પૂર્ણિમાબેન શાહ**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### ઉપદેશનોંધ - ૩૬



સર્વ વાસનાનો ક્ષય કરે તે સંન્યાસી. ઇન્દ્રિયોને કાબૂમાં રાખે તે ગોસાંઈ. સંસારનો પાર પામે તે યતિ (જતિ).

સમકિતીને આઠ મદમાંનો એક્કે મદ ન હોય.

(૧) અવિનય, (૨) અહંકાર, (૩) અર્ધદગ્ધપણું, પોતાને જ્ઞાન નહીં છતાં પોતાને જ્ઞાની માની બેસવાપણું, અને (૪) રસલુબ્ધપણું, એ ચારમાંથી એક પણ દોષ હોય તો જીવને સમકિત ન થાય. આમ શ્રી 'ઠાણાંગસૂત્ર'માં કહ્યું છે.

મુનિને વ્યાખ્યાન કરવું પડતું હોય તો પોતે સ્વાધ્યાય કરે છે એવો ભાવ રાખી વ્યાખ્યાન કરવું. મુનિને સવારે સ્વાધ્યાયની આજ્ઞા છે, તે મનમાં કરવામાં આવે છે, તેના બદલે વ્યાખ્યાનરૂપ સ્વાધ્યાય ઊંચા સ્વરે માન, પૂજા, સત્કાર, આહારાદિની અપેક્ષા વિના કેવળ નિષ્કામબુદ્ધિથી આત્માર્થે કરવો.

ક્રોધાદિ કષાયનો ઉદય થાય ત્યારે તેની સામા થઈ તેને જણાવવું કે તેં અનાદિકાળથી મને હેરાન કરેલ છે. હવે હું એમ તારું બળ નહીં ચાલવા દઉં. જો, હું હવે તારા સામે યુદ્ધ કરવા બેઠો છું.

નિદ્રાદિ પ્રકૃતિ, (ક્રોધાદિ અનાદિ વૈરી,) તે પ્રતિ ક્ષત્રિયભાવે વર્તવું, તેને અપમાન દેવું, તે છતાં ન માને તો તેને ક્રૂર થઈ ઉપશમાવવી, તે છતાં ન માને તો ખ્યાલમાં રાખી વખત આવ્યે તેને મારી નાંખવી. આમ શૂર ક્ષત્રિયસ્વભાવે વર્તવું, જેથી વૈરીનો પરાભવ થઈ સમાધિસુખ થાય.

પ્રભુપૂજામાં પુષ્પ ચડાવવામાં આવે છે, તેમાં જે ગૃહસ્થને લીલોતરીનો નિયમ નથી તે પોતાના હેતુએ તેનો વપરાશ કમ કરી ફૂલ પ્રભુને ચડાવે. ત્યાગી મુનિને તો પુષ્પ ચડાવવાનો કે તેના ઉપદેશનો સર્વથા નિષેધ છે. આમ પૂર્વાચાર્યોનું પ્રવચન છે.

કોઈ સામાન્ય મુમુક્ષુ ભાઈબહેન સાધન માટે પૂછે તો આ સાધન બતાવવું : (૧) સાત વ્યસનનો ત્યાગ, (૨) લીલોતરીનો ત્યાગ, (૩) કંદમૂળનો ત્યાગ, (૪) અભક્ષ્યનો ત્યાગ, (૫) રાત્રિભોજનનો ત્યાગ, (૬) 'સર્વજ્ઞદેવ' અને 'પરમગુરુ'ની પાંચ પાંચ માળાનો જપ, (૭) ભક્તિરહસ્ય દુહાનું★ પઠન મનન, (૮) ક્ષમાપનાનો પાઠ★★, (૯) સત્સમાગમ અને સત્શાસ્ત્રનું સેવન.


'સિજ્ઝંતિ,' પછી 'બુજ્ઝંતિ,' પછી 'મુચ્ચંતિ,' પછી 'પરિણિવ્વાયંતિ,' પછી 'સવ્વદુખ્ખાણમંતંકરંતિ,' એ શબ્દોના રહસ્યાર્થ વિચારવા યોગ્ય છે. 'સિજ્ઝંતિ' અર્થાત્ સિદ્ધ થાય, તે પછી 'બુજ્ઝંતિ' બોધસહિત, જ્ઞાનસહિત હોય એમ સૂચવ્યું. સિદ્ધ થયા પછી શૂન્ય (જ્ઞાનરહિત) દશા આત્માની કોઈ માને છે તેનો નિષેધ 'બુજ્ઝંતિ'થી સૂચવ્યો. એમ સિદ્ધ થાય, બુદ્ધ થાય, તે પાછાં મુચ્ચંતિ એટલે સર્વ કર્મથી રહિત થાય અને તેથી પાછા 'પરિણિવ્વાયંતિ' અર્થાત્ નિર્વાણ પામે, કર્મરહિત થયા હોવાથી ફરી જન્મ અવતાર ધારણ ન કરે. મુક્ત જીવ કારણવિશેષે અવતાર ધારણ કરે તે મતનો 'પરિણિવ્વાયંતિ' કરી નિષેધ સૂચવ્યો. ભવનું કારણ કર્મ, તેથી સર્વથા જે મુકાયા છે તે ફરી ભવ ધારણ ન કરે. કારણ વિના કાર્ય ન નીપજે. આમ નિર્વાણ પામેલા 'સવ્વદુખ્ખાણમંતંકરંતિ' અર્થાત્ સર્વ દુઃખનો અંત કરે, તેમને દુઃખનો સર્વથા અભાવ થાય, તે સહજ સ્વાભાવિક સુખ આનંદ અનુભવે. આમ કહી મુક્ત આત્માઓને શૂન્યતા છે, આનંદ નથી એ મતનો નિષેધ સૂચવ્યો.

---

★ આંક ૨૬૪ના વીશ દોહરા; ★★ મોક્ષમાળા શિક્ષાપાઠ ૫૬.

# ઐસી કરી ગુરુદેવ દયા

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



રત્નચિંતામણિ જેવો અમૂલ્ય માનવભવ આપણને મળ્યો છે. શરીરના જન્મની તારીખ તો આપણને ખબર છે પણ તેનું મૃત્યુ ક્યારે થશે તેની તારીખ આપણને ખબર નથી. માટે મનુષ્યભવની પ્રત્યેક પળને વિકાસના માર્ગે-આત્મોન્નતિના માર્ગે વાપરી આ ભવને સફળ બનાવવો. મીરાંબાઈએ મનુષ્યભવની દુર્લભતા વિશે કહ્યું છે કે,

"ક્યા જાનું કછુ પુણ્ય પ્રગટ્યો,

માનુષા અવતાર, નહીં ઐસો જનમ બારંબાર."

આ મનુષ્યદેહમાં રહીને જેમણે પોતાના આત્માને તથા પરમાત્માને જાણ્યા છે તેવા સંતોના ચરણની સેવા કરવી. સંત તે છે કે જેઓ પોતાના જીવન દ્વારા વધારે શિખવાડે અને વાણી દ્વારા ઓછું શિખવાડે છે. સંતો પોતાના અનુભવની વાત કહે છે. શાસ્ત્રો સંતો પાસેથી જ આવે છે. જ્ઞાનીઓ જે બોલે તે શાસ્ત્ર છે પણ તે સાચા જ્ઞાની હોવાં જોઈએ. સાચા સંતનો ભેટો થાય તો આપણો આ ભવ સફળ થઈ જાય. આ જગતમાં આપણું કલ્યાણ કરનાર, હિત કરનાર જો કોઈ હોય તો તે સંત છે. એટલે જ બ્રહ્માનંદજી કહે છે કે,

સંત પરમ હિતકારી જગતમાંહી સંત પરમ હિતકારી,
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.
જગતમાંહી...
બ્રહ્માનંદ સંતન કી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી,
જગતમાંહી...

આવા સંતોના ચરણ સેવવાથી આત્મસાક્ષાત્કાર થઈ શકે છે. નીચેના પદમાં બ્રહ્માનંદજી, શિષ્યને ગુરુજીએ શું શું આપ્યું તેના વિશે કહે છે,

**ઐસી કરી ગુરુદેવ દયા,**
**મેરા મોહ કા બંધન તોડ દિયા.**
**દૌડ રહા દિન રાત સદા,**
**જગ કે સબ કાજ વિહારણ મે**
**સપને સમ વિશ્વ દિખાય મુઝે**
**મેરે ચંચલ ચિત્ત કો મોડ દિયા.**
**ઐસી કરી...**

સદ્‌ગુરુ શિષ્યના જીવનમાં કેવું પરિવર્તન લાવે છે તેનું અહીં વર્ણન કર્યું છે. પરંતુ આવું આમૂલ પરિવર્તન લાવવા માટે સામે સત્પાત્ર શિષ્ય હોવો જરૂરી છે કારણ કે તાળી હંમેશાં બે હાથે પડે છે. એટલે તથારૂપ ગુરુ અને તથારૂપ શિષ્ય હોય તો જ ગુરુના બોધ દ્વારા મોહના બંધન તૂટે છે; નહીં તો સદ્‌ગુરુનો બોધ ઘણીવાર સાંભળ્યો છે પણ જો તેના પર જીવ વિચાર ન કરે, તે પ્રમાણે જીવન ન જીવે તો તેનું કાંઈ પારમાર્થિક ફળ મળતું નથી. આપણે અનાદિકાળથી ભ્રાંતિને કારણે ભટક્યા છીએ. જે સાચું છે તેને આપણે જૂઠું જાણીએ છીએ અને જે ખોટું છે તેને સાચું જાણીએ છીએ ! એવા ગાઢ મોહના આવરણથી આપણે 'મારા દીકરા', 'મારી મોટર', 'મારો બંગલો' વગેરે પર પદાર્થોમાં અહં-મમત્વ કરી હર્ષ-શોક કરી રહ્યા છીએ. પણ આ બધી વસ્તુઓ તો પ્રાસંગિક છે. એક સામાજિક વ્યવસ્થા છે. દીકરા એ તો આપણા ઘરે આવેલા મહેમાન છે માટે

તેમને સારા સંસ્કાર આપવાં, સારું શિક્ષણ આપવું પણ અંદરથી એમ માનવું નહિ કે આ 'મારા' છે. જેમ આપણે આત્મા છીએ તેમ દીકરો પણ આત્મા છે માટે તેને મિત્ર-પુત્ર સમજવો. સદ્ગુરુદેવ કહે છે કે ભાઈ ! તું રાત-દિવસ આ દુનિયાના પદાર્થો પાછળ દોડે છે કે એમાંથી મને સુખ મળશે પરંતુ ભાઈ આ દુન્યવી પદાર્થો તો સ્વપ્ન જેવાં છે. તે સાચાં નથી. તેથી તેમાંથી તને ક્યારેય સાચા સુખની પ્રાપ્તિ થશે નહિ. સાચું સુખ તો પરમાત્માની પ્રાપ્તિથી થશે, જે વ્યવહારથી તો મંદિરમાં રહે છે અને પરમાર્થથી આપણા હૃદયમાં રહે છે. તેઓ દરેક પ્રાણીના હૃદયમાં વિદ્યમાન છે. જો આપણે તેમને પ્રાપ્ત કરવા હોય તો કોઈપણ પ્રાણીના હૃદયને દુભવવું જોઈએ નહિ. કોઈ પણ પ્રાણીને આપણે નુકસાન પહોંચાડીએ તે પહેલા આપણા આત્માને નુકસાન થાય છે. એટલે જ જીવનમાં સમદૃષ્ટિપણું રાખવા માટે સાબરકાંઠાના સંત શ્રી રામજીબાપા કહેતા કે

**"મોમે રોમ તોમે રોમ**
**જ્યોં દેખું ત્યોં રોમ હી રોમ"**

હવે આગળ સંતશ્રી બ્રહ્માનંદજી કહે છે કે,

**કોઈ શેષ ગણેશ મહેશ રટે,**
**કોઈ પૂજત પીર પૈયગંબરકો,**
**સબ પંથ ગ્રંથ છૂડા કરકે,**
**એક ઈશ્વરમેં મન જોડ દિયા.**
**કોઈ ઢૂંઢત હૈ મથુરા નગરી**
**તો કોઈ જાય બનારસ વાસ કરે**
**જગ વ્યાપક રૂપ પિછાન લિયા,**
**સબ ભરમ કા ભંડા ફોડ દિયા.**
**ઐસી કરી...**

તીર્થયાત્રા કરવા સૌ પાલિતાણા, મહુડી, બનારસ વગેરે સ્થળોએ જાય છે તે સારું છે પણ તીર્થયાત્રા અંતઃકરણની શુદ્ધિ અર્થે કરવી, કોઈ પ્રવાસરૂપે નહીં. તીર્થયાત્રા કરવા જાઓ તો ઉદાર બનીને જાઓ, ભિખારી બનીને નહીં ! મંદિરની બહાર બેઠેલા ભિખારીઓ તો નાના છે. તેઓ તો માત્ર પાંચ-દશ રૂપિયા મળતા ખુશ થઈ જાય છે કે ઘણું મળ્યું. પણ મંદિરની અંદર ભગવાન પાસે જઈને મોટી મોટી માંગણી કરનાર વ્યક્તિઓ તે મોટા ભિખારી છે ! તેમને ગમે તેટલું મળે તો પણ સંતોષ થતો નથી !! પણ યાદ રાખવું ભગવાન તો બધું જાણે છે કે તારે કેટલી જરૂર છે અને તું કેટલું માંગે છે ! સંતો તો કહે છે કે મરવું પડે તો મરી જજો પણ કોઈની આગળ હાથ લંબાવશો નહિ.

"મર જાઉં માગું નહિ, અપને તનકે કાજ,
પરમારથ કે કારણે, માગત ન આવે લાજ."

માગવાથી ઓછું અને હલકું મળે છે એટલે જ શ્રી ગોરખનાથજી કહે છે કે,

"સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની,
છીન લિયા ખૂન બરાબર, ગોરખ બોલ્યા વાણી."

ભગવાનને પ્રાર્થના કરવી કે હે પ્રભુ ! મારી લાયકાત પ્રમાણે મને આપજો. શું આપવું તે હું તમારી ઉપર છોડું છું. હું તમારી પાસે આવ્યો છું તે તો નિષ્કામ પ્રેમને લીધે આવ્યો છું. સંતો પણ આપણને નિષ્કામ ભક્તિ કરવા કહે છે.

"સકામી સુમિરન કરે, પાવે ઉત્તમ ધામ,
નિષ્કામી સુમિરન કરે, પાવે અવિચળ ધામ."

દરેક જ્ઞાની ભગવંતો આપણને ભગવાનની સાથે નિર્વ્યાજ પ્રેમ કરવાનું કહે છે. ભગવાન પાસે કંઈ માગવું નહિ અને માગવું તો નરસિંહ મહેતાએ માગ્યું તે માગવું -

"હરિના જન તો મુક્તિ ન માગે
માગે જનમોજનમ અવતાર રે,
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ
નિરખવા નંદકુમાર રે; ભૂતળ ભક્તિ...

ભગવાન નિઃસ્પૃહ છે. એમને તો કાંઈ જોઈતું નથી પણ આપણે તેમની પૂજા કરીશું તો એટલું તેમનું સ્મરણ આપણને થશે અને તેમના ગુણો આપણા જીવનમાં આવશે. આપણે ભગવાનને શા માટે ભજવાના છે તેના માટે ભક્ત કહે છે કે,

"પ્રભુ તારા જેવા મારે થાવું છે,
માટે તારું ગીત મારે ગાવું છે."

આ દુનિયામાં એક શેઠ એવા છે કે જેમને ભજવાથી તે ભક્તને તેઓ પોતાના જેવા જ બનાવી દે છે. તમે કોઈ રાજાને ત્યાં નોકરી કરો તો તે ખુશ થઈને તમને હીરાનો હાર આપશે પણ રાજપાટ નહિ આપે. પણ એક પરમાત્મા જ એવા છે કે જો આપણે તેમનું સાચું શરણ લઈએ તો તે ભક્તને ભગવાન બનાદી દે છે !

**"કોન કરું ગુરુદેવ કો ભેંટ ન વસ્તુ દિસે તિહુ લોકનમેં**
**બ્રહ્માનંદ સમાન ન હોય કભી,**
**ધન માણિક લાખ કરોડ દિયા.**
**ઐસી કરી...**

હે પરમાત્મા, સદ્ગુરુદેવ ! હું તમને શું આપું ? મારી પાસે તો કાંઈ નથી. સુદામા કૃષ્ણ ભગવાન પાસે શું લઈને ગયા હતા ? થોડા તાંદુલ કે બીજું કંઈ ? અને ભગવાનને શબરીએ શું આપ્યું હતું ? એઠાં બોર જ ને -

"એક એક બોરને ચાખવાનું નામ લઈ
અંતરથી ચાખ્યા'તા રામને."

માટે ભગવાનને કહેવું કે હે પ્રભુ ! મને તમારા ચરણની સાચી, સમજણપૂર્વકની સેવા આપજો. આવી સેવા કરવાથી જ જીવ શિવ બની જાય છે. આત્મા પરમાત્મા બની જાય છે. અનંતકાળનું તેનું યાચકપણું ટળી જાય છે. તેને કાંઈ જ માગવાનું બાકી રહેતું નથી. આવા પરમ ઉપકારી સંતોની વાત જો અર્જુનની જેમ આપણા હૃદયમાં બેસી જાય અને 'करिष्ये वचनं तव' એવું થઈ જાય તો ભક્તના મોહનો નાશ થઈ જાય અને તેનામાં એવો સમર્પણભાવ આવે કે હે પ્રભુ ! હવે તો આપની આજ્ઞા હશે તે પ્રમાણે જ કરીશ. જો આવો સમર્પણભાવ આપણા જીવનમાં આવે તો આ માનવભવ સફળ થઈ જાય. આવા પરમ ઉપકારી સદ્ગુરુદેવને ઓળખવા અને ઓળખીને તેમનો સત્સમાગમ કરવો, તેમના ચરણ સેવવા, તેમને જ પરમ કલ્યાણકારી જાણી તન-મન-ધન સર્વ અર્પણ કરી તેમની આજ્ઞાનુસાર વર્તવું, જેથી આ લોક અને પરલોક સુધરી જશે. શાસ્ત્રોએ સંતોનો મહિમા ગાવામાં કાંઈ બાકી રાખ્યું નથી. સંતોને પારસમણિથી પણ ઉત્તમ કહ્યા છે. પારસમણિ તો લોઢાને સોનું કરે છે પણ સંતો તો લોઢા જેવા શિષ્યોને સ્વયં સંત બનાવી દે છે. એટલે જ કોઈ અપેક્ષાએ અતિશયોક્તિ અલંકારનો પ્રયોગ કરીને સંતોને ભગવાનથી પણ મહાન અને પૂજ્ય બતાવવા કહ્યું છે કે,

ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,
બલિહારી ગુરુ આપ કી, જિન ગોવિંદ દિયો બતાય.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

**વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો ઉપયોગ કરજે. - શ્રીમદ્ રાજચંદ્રજી**

# રત્નત્રય

## સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર

(ક્રમાંક - ૨૨)

મણિભાઈ ઝ. શાહ

### સમ્યક્જ્ઞાન - બાર ભાવના

અગાઉ લોકભાવનામાં આપણે જોઈ ગયા કે મનુષ્યભવ પામવો અને સાચા ધર્મની જાણકારી અને આરાધના કરવી એ ખૂબ દુર્લભ છે. આ બે ભાવનાઓ એ વિષે પ્રકાશ પાડે છે તે જોઈએ.

(૧૧) **બોધિદુર્લભ ભાવના :** બોધિ એટલે સમ્યગ્દર્શન અને સમ્યક્ જ્ઞાન. એ પામવાં એ બહુ દુર્લભ છે એમ આ ભાવના દ્વારા કહેવાયું છે. સમ્યગ્દર્શન વિષે વાત કરીએ ત્યારે મોટાભાગના લોકો કહે છે કે એવું અમને સમજાય નહીં અને યાદ પણ ન રહે. ખરેખર જોઈએ તો આ એક જાતનો ભ્રમ આપણી અંદર પેસી ગયો છે. આ સમજવું કાંઈ અઘરું નથી. સાદી ભાષામાં કહીએ તો આ શરીર તે હું નથી પણ અંદર રહેલો આત્મા તે હું છું. જન્મ-મૃત્યુ શરીરના થાય છે. આત્મા ક્યારેય મરતો નથી કે જન્મતો નથી. અને મને (શરીરને) મળતાં સુખ-દુઃખ મારા જ કરેલા કર્મોનું ફળ છે. કોઈ મને સુખ-દુઃખ આપી શકતું નથી. બસ, આટલી શ્રદ્ધા થવી તેનું નામ સમ્યગ્દર્શન. ફક્ત જાણકારી નહીં, પણ શ્રદ્ધા થવી જોઈએ. હું બાળક છું, યુવાન છું, વૃદ્ધ છું - આ બધી માન્યતાઓ આપણામાં એવી દૃઢ થઈ ગઈ છે કે સમ્યગ્દર્શન વિષે ગમે તેટલું સાંભળીએ પણ અંદર ઊતરતું નથી. જો અંદર ઊતરે તો એનું નામ સમ્યગ્દર્શન. પછી એ આત્મા કેવો છે, એને કર્મો કેવી રીતે, કેવાં, કેટલાં, ક્યારે લાગે છે અને એ કર્મોને આવતાં રોકી શકાય અથવા લાગેલાં કર્મોને ફળ ભોગવ્યા સિવાય ખેરવી શકાય વગેરે વિષે જાણવું તેનું નામ સમ્યક્ જ્ઞાન. પણ હમણાં કહ્યું તેમ કેટલાક આ વાત જાણે છે પણ એની ઉપર શ્રદ્ધા નથી થતી. એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં નથી. કંઈક તકલીફ આવે એટલે બોલી ઊઠીએ કે 'ઓ બાપરે ! મરી ગયો.' પણ આ બાર ભાવનામાં તો બોલી ગયા કે -

"દલબલ દેવી દેવતા, માતપિતા પરિવાર,
મરતી બીરીયાં જીવકો, કોઉ ન રાખનહાર."

આમ, ફક્ત બાહ્ય જ્ઞાન હોય છે પણ અંતરની શ્રદ્ધા નથી. એ થવી દુર્લભ છે. ખોટી શ્રદ્ધામાંથી છૂટવા માટે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પર શ્રદ્ધા કરી, એમની માફક આપણું જીવન બનાવવા પ્રયત્ન કરીએ. રોજ રાત્રે વિચારીએ કે આ શ્રદ્ધા પ્રમાણે મારું વર્તન થાય છે કે નહીં, અને ન થતું હોય તો ફરી ફરી પ્રયત્ન કરીએ તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય.

કોઈ હેરાન કરે ત્યારે આપણને ક્રોધ આવે છે. પણ પૂજામાં તો બોલીએ છીએ કે -

"તેં કરમ પુરવ કિયે ખોટે, સહે કયોં નહીં જીયરા,
અતિ ક્રોધ અગ્નિ બુઝાય પ્રાની, સામ્ય જલ લે શીયરા"

મોટાભાગનો સમાજ તો પૂજાના શબ્દોનો અર્થ પણ જાણતો નથી અને જે થોડા લોકો જાણે છે તે એ પ્રમાણે વર્તી શકતા નથી. સમ્યગ્દર્શન દ્વારા વસ્તુનું સ્વરૂપ જાણી એ પ્રમાણે જીવન જીવે તો જરૂર મોક્ષમાર્ગમાં આગળ વધાય.

સમ્યક્જ્ઞાન વિષે શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે
"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?

એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."

આમ, આત્મા વિષે શ્રદ્ધા અને કર્મબંધ વિષે જાણકારી સહિતની શ્રદ્ધા થવી તેનું નામ સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન અર્થાત્ બોધિ. અને તે આપણને દુર્લભ લાગે છે. કારણકે અનાદિ કાળથી ઊંધી શ્રદ્ધા કરતા આવ્યા છીએ. પ્રયત્નો કરીને પણ એ ઊંધી શ્રદ્ધા કાઢી નાખીએ તો એ દુર્લભ બોધિ પણ પ્રાપ્ત કરી શકીએ. આ ભાવના વિષે ભુધરદાસજી પદ્યમાં લખે છે કે -

"ધન કન કંચન, રાજસુખ સબહી સુલભ કર જાન,
દુર્લભ હૈ સંસારમેં, એક યથારથ જ્ઞાન."

અર્થાત્ ધન, ધાન્ય, સોનું-રૂપુ, રાજસુખ વગેરે મેળવવા સહેલાં છે પણ યથાર્થ જ્ઞાન એટલે સમ્યગ્દર્શન - સમ્યક્જ્ઞાન મેળવવા એ બહુ દુર્લભ છે.

હવે છેલ્લી ભાવના વિષે જોઈએ.

## (૧૨) ધર્મદુર્લભ ભાવના :

"જાચ સુરતરુ દેય સુખ, ચિંતત ચિંતા રૈન,
બિન જાચે બિન ચિંતયે, ધર્મ સકલ સુખ દૈન."

અર્થાત્ સંસારી સુખ માટે કદાચ કલ્પવૃક્ષ નીચે બેસી માગણી કરીએ તો એ મળી જાય અથવા ચિંતામણી રત્ન હાથમાં લઈ વિચારીએ તો મળી જાય પણ ધર્મ દ્વારા માગ્યા સિવાય કે ચિંતવ્યા સિવાય જીવને સુખ મળે છે.

ધર્મ એટલે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. અર્થાત્ જે પ્રમાણે સાચી સમજ મેળવી શ્રદ્ધા કરી તે પ્રમાણે આપણું જીવન જીવાય તો સંસારના દુ:ખો દૂર થઈ સાચું સુખ મળે છે.

બોધિદુર્લભમાં જોયું કે હું આત્મા કેવો છું, મને મળતાં સુખ-દુ:ખ એ મારા કરેલાં કર્મોનું જ ફળ છે એ જાણી મને દુ:ખ આવે એવાં કર્મો ન કરું તો એનું નામ ધર્મ.

ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. એટલે આત્મા અનંત સુખનો ભરેલો છે તેનો અનુભવ ધર્મ કરવાથી થાય છે.

બીજી રીતે ધર્મના દશ પ્રકાર ગણાવેલા છે. જે છે : ચાર કષાય (ક્રોધ, માન, માયા ને લોભ)થી વિરુદ્ધના ભાવ-ક્ષમા, માર્દવ, આર્જવ અને શૌચ એ ધારણ કરવાં તે. ઉપરાંત પાંચ પ્રકારના પાપ- હિંસા, જૂઠ, ચોરી, કુશલ અને પરિગ્રહ એ છોડી એનાથી વિરુદ્ધ સંયમ, સત્ય, ત્યાગ, બ્રહ્મચર્ય અને આકિંચન્ય એ ધારણા કરવાં તે તથા લાગેલાં કર્મોને ભોગવ્યા સિવાય ખેરવવા માટે તપ કરવું તે.

આ દશ પ્રકારના ધર્મ પણ ધારણ કરવા જોઈએ. કષાયની બાબતમાં જાણવા જેવું છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કષાય પણ આત્મામાં ન રહે તો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે અરિહંત કે તીર્થંકર થઈ તે જ ભવે મોક્ષે જાય છે. આવો સૂક્ષ્મ કષાય છેલ્લો જે જાય છે તે છે સૂક્ષ્મ સાંપરાય (લોભ). આ લોભ કેવો હોય છે ? તો કે મારે મોક્ષ પ્રાપ્ત કરવો છે એવી ઈચ્છા પણ સૂક્ષ્મ લોભ છે, જ્યારે આત્મા વિચારે છે કે મારે કંઈ નથી જોઈતું. હું ફક્ત મારા સ્વભાવમાં સ્થિર થઈ જાઉં. બસ, આવો વિચાર ધારણ કરતાં ઉપર કહ્યું તેમ આત્મા ઉચ્ચ કક્ષાએ પહોંચી જાય છે.

ઉપર કહ્યું તેમ ધર્મ આત્માનો પોતાનો સ્વભાવ છે એટલે કંઈ નવું કરતો હોય તેવો ભાવ ન થવો જોઈએ.

ધર્મ કરવાનું અભિમાન પણ ન આવવું જોઈએ. આમ, આ ભાવના પૂરી થતાં સંવર તત્ત્વના સત્તાવન પ્રકારની વિચારણા પૂરી થઈ. હવે પછી નિર્જરા તત્ત્વ વિષે વિચારણા કરીશું. **(ક્રમશ:)**

પરમનો સ્પર્શ - ૩૮

# સાધકનો પ્રમાદ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

પોતાને માટે બહાનાં અને બીજાને માટે સલાહ - આ બંને બાબત ધરાવતી વ્યક્તિઓ તમને ઠેર ઠેર જોવા મળે છે. એ વ્યક્તિગત અશક્તિને છાવરવા માટે બહાનાં કે કારણોની પરંપરા તૈયાર રાખે છે અને પછી એ કારણ આગળ ધરીને પોતાની મર્યાદા કે અશક્તિને છુપાવે છે. કામચોરી કરનાર પાસે બહાનાંનો અખૂટ ખજાનો હોય છે. આજે એક બહાનું આગળ ધરશે અને કાલે બીજું. પછી સમય જતાં એને કામ અપ્રિય બની જશે અને બહાનાં પ્રિય થઈ જશે. નોકર જુદાં જુદાં બહાનાં બતાવીને કામચોરી કરતો હોય છે. એક દિવસ એને પેટમાં દુઃખે છે, તો બીજા દિવસે એના દૂરના સગાનું હૃદયરોગના હુમલાથી અણધાર્યું અવસાન થાય છે. ત્રીજે દિવસે રસ્તામાં આવતાં એની સાઈકલમાં પંક્ચર પડે છે અને ચોથે દિવસે એને ઘેર એકાએક મહેમાન આવી જાય છે. પાંચમે દિવસે નજીકના સગાનું લગ્નનું કારણ આવે છે.

આવાં બહાનાં બતાવનારનું મન ધીરે ધીરે જુદાં જુદાં બહાનાંઓ જ શોધવા લાગે છે. એનો ઉપયોગ કરીને એ પોતાના કામને કે કર્તવ્યને દૂર ને દૂર હડસેલતો રહે છે. જો માલિક એ નોકરને કાઢી મૂકે અને એ બીજે જાય, તો પણ એ જ બહાનાંપદ્ધતિ ચાલુ રાખે છે. બહાનાંઓની એની આદત છૂટી શકતી નથી. કેટલીય વ્યક્તિઓ સમાજમાં એવી મળે છે કે જેમણે એક વર્ષ પણ એક જગાએ સ્થાયી નોકરી કરી હોતી નથી. એને નોકરી બદલતા રહેવું પડે છે. વળી, બહાનાં બતાવનાર સાવ ગરીબડું મુખ રાખીને વાત કરતો હોય છે અને ધીરે ધીરે એનું મુખ હંમેશાં ઉદાસ જોવા મળે છે, કારણકે એના ચિત્ત પર બહાનાંઓ છવાયેલાં હોય છે.

નોકર પોતાના માલિક સાથે જેવાં બહાનાં બતાવે છે, એવાં જ બહાનાં ઑફિસનો અધિકારી પણ પોતાના ઉપરી અધિકારીને બતાવતો હોય છે **અને સાધક ઈશ્વરને બતાવતો હોય છે. એને સાધનાનો દેખાવ કરવો છે, પરંતુ સાધનાના માર્ગે જવાનું એનામાં સાહસ હોતું નથી. પરિણામે એ પોતે સાધના કરી શકતો નથી.** એને માટે એવું બહાનું આગળ ધરે છે કે આજે ક્યાં કોઈ જગાએ સાચી ઉપાસના ચાલે છે ? બધે જ આડંબર, દેખાદેખી અને સ્પર્ધા છે. આવે સમયે સાધના થાય ક્યાંથી ?

કોઈ સાધના ન કરી શકવાના કારણ રૂપે જીવનની જવાબદારીઓને આગળ ધરે છે, તો કોઈ કામની વ્યસ્તતા દર્શાવે છે. **સામાન્ય માનવીને બહાનાં જેટલું નુકસાન કરતાં નથી, એથી વધુ નુકસાન સાધકને કરે છે,** સાધક આવાં બહાનાંઓનો ઉપયોગ કરીને બીજાને તો છેતરે છે, પણ સાથોસાથ પોતાની જાતને પણ છેતરે છે. આવી આત્મવંચના એની સાધનાને માટે આત્મઘાતક બની રહે છે. આનું કારણ એ છે કે આવું બહાનું બનાવતી વખતે સાધકનો અહંકાર એના હૃદયમાં ઊભો થઈને બોલતો હોય છે. પોતાની મર્યાદાને ઢાંકવા માટે એ આડંબર અને અહંકાર બંનેનો આશરો લે છે. બીજી બાજુ એની આત્મદર્શનની પ્રક્રિયા તદ્દન થંભી જશે. પોતાની

જાતને જોવાને બદલે પોતાનાં બહાનાંઓના બચાવ માટે એ ઝઝૂમવા લાગશે.

શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં એક માર્મિક પ્રસંગ મળે છે. તેઓ ઝવેરચંદ શેઠ નામની વ્યક્તિના ઘરના ઘેર મેડા પર ઉપદેશ આપતા હતા. શ્રીમદ્નો આધ્યાત્મિક ઉપદેશ સાંભળીને સભામાં બેઠેલા પ્રાગજીભાઈ જેઠાભાઈ નામના મહાનુભાવે કહ્યું, "સાહેબ, ભક્તિ તો ઘણી કરવી છે, પણ ભગવાને પેટ આપ્યું છે અને એ પેટ ભોજન માગે છે. માટે એની ચિંતા હોવાથી કરીએ શું ?"

શ્રીમદ્ રાજચંદ્રે એમની લાક્ષણિક ઢબે કહ્યું, "કહો, તમારા પેટને અમે જવાબ દઈએ તો ?"

અને પછી પ્રાગજીભાઈના ભોજનની સઘળી વ્યવસ્થા કરતા હોય તેમ શ્રીમદ્ રાજચંદ્રે યજમાન ઝવેરચંદ શેઠને કહ્યું, "જુઓ, તમે જે ભોજન કરતા હો તે પ્રાગજીભાઈને બે વખત આપજો. તેઓ ઉપાશ્રયના મેડા પર બેસીને નિરાંતે ભક્તિ કરે. પણ શરત એટલી કે નીચેથી કોઈનો વરઘોડો જતો હોય કે સ્ત્રીઓ ગીત ગાતી જતી હોય તો બહાર જોવા જવું નહીં, સંસારની વાતો કરવી નહીં. કોઈ ભક્તિ કરવા આવે તો ભલે આવે, પણ એ સિવાય બીજી કોઈ વાત કરવી કે સાંભળવી નહીં."

શ્રીમદ્ રાજચંદ્રે કરેલી વ્યવસ્થાની અને શરતની વાત સાંભળીને પ્રાગજીભાઈ તો અકળાઈ ગયા અને બોલ્યા, "ઓહ, અમે આ પ્રમાણે રહી શકીએ નહીં." ત્યારે શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું, **"જીવને ભક્તિ કરવી નથી એટલે પેટની ચિંતા આગળ ધરે છે. ભક્તિ કરતાં કોઈ ભૂખે મરી ગયું ? જીવ આમ છેતરાય છે."**

ભક્ત કવિઓ કે સમર્થ પુરુષોએ ક્યારેય બહાનાંનો આશરો લીધો નથી, કારણ કે સત્યના કંટકછાયા પથ પર ચાલવાની એમની પૂર્ણ તૈયારી હોય છે. મીરાં, કબીર કે તુલસીદાસજી કેવાં ધ્યેયનિષ્ઠ અને સત્યનિષ્ઠ છે ! **જેઓ સત્યને માર્ગે ચાલે છે, તેમને ક્યારેય બહાનાંની જરૂર પડતી નથી. જેઓ અસત્યના માર્ગે ચાલે છે, એમને ડગલે ને પગલે બહાનાંની જરૂર પડે છે.** આ બહાનાંઓ સાથે એક બીજી વાત પણ સંકળાયેલી છે અને તે છે બતાવેલાં બહાનાંને જાળવવાની પ્રવૃત્તિ. એક વાર એક બહાનું બતાવ્યું, પછી એને જાળવી રાખવું પડે છે. પોતાની પત્નીની ગંભીર બીમારીનું કારણ બતાવીને કોઈ અધિકારી કામ પર ન જાય તો એ પછી પત્નીની 'બનાવટી' બીમારી થોડા દિવસ ચાલુ રાખવી પડે છે. બીમારીનું કારણ બતાવ્યા પછી એ સાંજે પત્ની સાથે બહાર ફરવા નીકળી શકતો નથી.

બહાનાંઓ એક એવી જાળ રચે છે કે જેમાં બહાનાં બનાવનાર જ ખુદ ફસાય છે. બહાનાં બનાવવાં માટે એ સતત બેચેન રહેતો હોય છે. ધીરે ધીરે લોકોને એની પોકળતા સમજાતાં એના પરથી એમનો વિશ્વાસ ઊઠી જતો હોય છે. **સાધના કરવી હોય તો કોઈ બાબત અટકાવી શકતી નથી. આને માટે જાગ્રત થઈને દૃઢ સંકલ્પ કરવાની આવશ્યકતા હોય છે.** તમે વિચાર કરો કે સાધનાના અભાવે અત્યાર સુધી કેવું જીવન વિતાવ્યું ? આત્માની સહેજેય ઓળખ થઈ નહીં, પરમના સ્પર્શની અનુભૂતિનું એક કિરણ પણ લાધ્યું નહીં. માત્ર પોતાના પ્રશ્નોના વિચારમાં જ ગૂંથાયેલા રહ્યા. એની ચિંતાના બોજ હેઠળ જીવતા રહ્યા અને મનથી થાકેલા, તનથી વ્યાધિગ્રસ્ત અને અર્થહીન જીવનથી પરેશાન થતા રહ્યા.

માનવી પાસે ચિંતા સર્જવાની પ્રબળ અને

આશ્ચર્યકારક શક્તિ છે. એ હોય તે બાબતોની ચિંતા કરે છે, પણ એની સાથોસાથ કેટલીય ધારણાઓ, કલ્પનાઓ અને અટકળોને કારણે ચિંતા ઊભી કરતો હોય છે. તમે જ વિચાર કરો કે તમે દશ વર્ષના બાળક હતા ત્યારે કેટલી ચિંતા કરતા હતા, પચીસ વર્ષના યુવાન થયા ત્યારે કેટલી ચિંતા કરતા અને પચાસ વર્ષે એનાથી વધારે ચિંતા કરતા હતા અને સિત્તેર-પંચોતેરની ઉંમરે તો ચિંતા એ જ જીવન બની જાય છે, પછી એ ચિંતા સ્વાસ્થ્યને લગતી હોય, સંતાનને લગતી હોય કે ઘરમાં ચાલતા કંકાસને લગતી હોય. **સામાન્ય માનવીનું જીવન જોઈએ તો એમ લાગે કે આ ચિંતા માણસનો પીછો છોડતી નથી, એટલું જ નહીં, પણ જેમ જેમ એની ઉંમર વધે છે, તેમ તેમ એની ચિંતાઓમાં પણ વધારો થાય છે.** બગીચાને બાંકડે બેઠેલા કોઈ વૃદ્ધને પૂછજો તો એ એમના જીવનની પારાવાર ચિંતાઓની વાત કરશે, કારણ એટલું જ કે ચિત્તને પરમમાં પરોવવાને બદલે ચિંતામાં ચોંટાડ્યું છે.

કોઈ વ્યક્તિના જીવનનો વિચાર કરો તો એ બાળક હતો ત્યારે કેટલા આનંદમાં હતો અને એણે જ્યારે જગતની વિદાય લીધી, ત્યારે એ કેટલો બધો ચિંતાગ્રસ્ત હતો. **મોટાભાગની વ્યક્તિઓ એમના જીવનમાં પોતાની ચિંતાના કિનારા પર જીવે છે. એમને સામો કિનારો દેખાતો નથી.** કેટલીક વ્યક્તિઓ એમ કહે છે કે તમારી ગૃહસ્થીની, નોકરીની, બાળકોના સંસ્કાર અંગેની સઘળી ચિંતા ઈશ્વરને સમર્પી દો. આ પણ યોગ્ય નથી. ચિંતાને દૂર કરવાનો પુરુષાર્થ કરો અને તે ઈશ્વરને સાથે રાખીને કરો એમ કહેવું જોઈએ. પુરુષાર્થ વિના કશું શક્ય બનતું નથી. ઈશ્વર પણ નસીબવાદી કરતાં પુરુષાર્થી પર વધુ સ્નેહ રાખે છે.

એ સાચું કે પુરુષાર્થ કરતી વખતે ઈશ્વર પ્રત્યે ઊંડી શ્રદ્ધા હોવી જોઈએ, જેથી જીવનમાં આવતી પ્રતિકૂળતાઓને યોગ્ય રૂપે સમજી શકાય. જો આવો પુરુષાર્થ ન કરે તો એ એક જુદો રસ્તો અપનાવી લે છે. પોતાની ચિંતાના કારણ માટે કોઈ જ્યોતિષનું શરણું લેશે અને એ જ્યોતિષ એને કહેશે કે આનું મુખ્ય કારણ તો એના ગ્રહોની સ્થિતિ છે. શનિના ગ્રહની પનોતી છે અને રાહુની વક્રદૃષ્ટિ છે. આમ, પ્રતિકૂળતા વખતે પુરુષાર્થ કરવાને બદલે પ્રતિકૂળતા વખતે એ જ્યોતિષનો આશરો લઈને જીવશે અને પછી કંઈ પણ અઘટિત થશે તો એમાં પોતાનો પ્રમાદ, આળસ કે અવળી મતિને કારણ માનવાને બદલે એ શનિની પનોતી પર સઘળો દોષ ઢોળી દેશે. ધીરે ધીરે એની માનસિકતા જ એવી થઈ જશે કે જીવનમાં આવતી પ્રત્યેક મુશ્કેલીને એ શનિની પનોતી સાથે સાંકળી લેશે. માણસ જ્યારે ચંદ્રની ધરતી પર ઊતર્યો છે અને હવે ત્યાં વસવાટ કરવાનું વિચારે છે ત્યારે ચંદ્રના ગ્રહની દુરિત અસરની વાત કેવી લાગે છે ?

કોઈ પોતાની ચિંતા અને મુશ્કેલીઓના કારણને માટે એક સીધો ઉત્તર આપી દેશે અને તે એ કે આ તો પૂર્વજન્મનાં ફળ મળી રહ્યાં છે. પૂર્વજન્મમાં કરેલાં દુષ્કૃત્યોને કારણે આ જન્મમાં મુશ્કેલીઓ આવે છે ખરી. તમે સારું, ઉમદા, ઉત્કૃષ્ટ અને ઉદાહરણીય જીવન જીવો છો, તેથી તમારા જીવનમાં કોઈ મુશ્કેલી આવવી જોઈએ નહીં તેવું નથી, પરંતુ જે કોઈ મુશ્કેલી આવે છે, નિષ્ફળતા મળે છે કે ધંધામાં ખોટ જાય છે એ બધું માત્ર પાછલા ભવમાં કરેલાં પાપોનું ફળ છે તેમ માનવું યથાર્થ નથી. આવી જ રીતે આ જન્મની મુશ્કેલીઓને પોતાના ગત જન્મનાં જુદાં જુદાં કર્મો

પર ઢોળવામાં આવે છે. માણસ શક્ય ન હોય એવી ફાળ ભરે, ગજું ન હોય એવું કામ હાથ પર લે અને પછી નિષ્ફળતા મળે એટલે દોષનો સઘળો ટોપલો અંતરાયકર્મ પર ઢોળી દે છે. કેવી સરસ વાત ! કેવું મજાનું બહાનું !

પોતાના સ્વાસ્થ્ય તરફ વ્યક્તિ બેદરકાર રહેતી હોય, અપૌષ્ટિક અને હાનિકારક ભોજન લેતી હોય, વાનગીઓ જોઈને એની લોલુપ સ્વાદવૃત્તિને અતિ સંતુષ્ટ કરતી હોય અને પછી એ બીમાર પડે એટલે કહેશે કે આ તો વેદનીય કર્મનો ઉદય થયો છે. પોતાની જાતે ખાડો ખોદે અને એ ખાડામાં પડે ત્યારે અન્ય પર આક્ષેપ કરે છે. આવી જ રીતે જુદાં જુદાં કર્મના ઉદયની વાત કરીએ છીએ અને એમ કરીને પોતાના દોષનો ટોપલો કર્મને માથે મૂકી દઈએ છીએ. વળી, આ વાત કરતી વખતે વ્યક્તિ અત્યંત ધાર્મિક હોવાનો દેખાવ કરતી હોય છે.

ધર્મ એ તો સુખ અને દુઃખથી પાર લઈ જનારી બાબત છે, ત્યારે અહીં દુઃખ આવતાં એને કર્મ સાથે જોડી દેવાનો કેવો પ્રપંચ છે ! વળી, એની સાથોસાથ એમ પણ કહેશે કે ગયા ભવનાં કર્મો આ ભવમાં ઉદયમાં આવ્યાં છે એટલે હવે પછીના જન્મમાં એ ભોગવવાનાં નહીં રહે અને કર્મો ખપી ગયાં હોવાથી પછીના જન્મોમાં આવી કોઈ મુશ્કેલી નહીં નડે અને માત્ર સુખ જ સાંપડશે. **હકીકતમાં ધર્મ એ તો એવી કલા છે કે જે વ્યક્તિને સુખ અને દુઃખની પેલે પાર આવેલી પ્રસન્નતામાં રાખે છે, ત્યાં દુઃખનું કોઈ મહત્ત્વ નથી.**

## સદ્પ્રસાદી આપે રે...

**- મહેશકુમાર બી. પંચાલ**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક તણા ઉપદેશી રે,
પરમ તણા ઉપકારી રે, સાધના તણા ઉપદેશી રે.

શુદ્ધાત્મા પ્રભુભક્તિ તણા સત્સંગના રહેવાસી રે,
જૈન તણા સદ્ગુણી પાવનકર્તા સદ્ગુરુ સહવાસી રે.

દેહ ધરીને આવ્યા અવનીલોકમાં ગુણો ભંડારી રે,
સર્વ કામના છોડી આત્મશુદ્ધિના જાગૃત ઉપકારી રે.

મન-વચન-કર્મ ધર્મતણું દર્શનમાં કલ્પવૃક્ષ રે,
ગુણીજન સાંભળો રે, રાજમંદિરમાં શોભે છે રે.

રાજશ્રી તણા વંદન કરીએ, સત્ય ધર્મના સહવાસી રે,
જ્ઞાનમંદિર પાવન કર્યા, ઉપદેશ ધર્મમાં વણ્યા રે.

મુમુક્ષુઓના પાવનકર્તા, સિદ્ધાંતના ઉપદેશી રે,
સોળે કળાએ સોનામાં સુગંધ ભરી રે.

મુમુક્ષુ જીવોના તારણહાર ઉપદેશકર્તા રે,
ગાંધીજીના પરમસંદેશી ઉપદેશી આત્મધર્મ રે.

મોક્ષમાળા, આત્મસિદ્ધિશાસ્ત્ર ને વળી,
છ પદનો પત્ર આપી આત્મવાણીના વરસાવનાર રે.

શ્રીમદ્ રાજચંદ્રની પ્રતિમા રાજમંદિરમાં શોભે રે,
હરખ લેવા ગુણીજન સેવાભાવી આવે રે.

'મહેશ' કહે છે ચારે કોર જ્ઞાનનો પ્રકાશ ફેલાવે રે,
મીઠો સુખનો છાયો પરમ ઉપદેશી આપે રે.

આત્મશોધ જાગૃત કરીને સદ્પ્રસાદી આપે રે,
જ્ઞાનતણા અવતારી હૃદયમાં વસી જ્ઞાન આપે રે.

• • •

# શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત
# 'એકત્વસપ્તતિ'નું આચમન (ક્રમાંક-૭૬)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

પરમકૃપાળુદેવ વચનામૃતના પત્રાંક-૨૧માં વચનામૃત લખે છે. કુલ ૧૨૬ અમૃતવચનો છે. આ પહેલા ૧૮ અક્ષરાંકન થયા છે. "(૧૯) વર્તનમાં બાલક થાઓ, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ. (૨૦) રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો; દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ પર કરવો. (૨૧) અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો. (૨૨) મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું. (૨૩) આ સંસારને શું કરવો ? અનંતવાર થયેલી માને આજે સ્ત્રીરૂપે ભોગવીએ છીએ. (૨૪) નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો; એ લઈને ખામી આણવા કરતાં અલ્પારંભી થશો. (૨૫) સમર્થ પુરુષો કલ્યાણનું સ્વરૂપ પોકારી પોકારીને કહી ગયા; પણ કોઈ વિરલાને જ તે યથાર્થ સમજાયું." આ વચનામૃતનું મનન, ચિંતન સાધકને મિથ્યાત્વનો નાશ અને સમ્યગ્દર્શનની ઉપાસનામાં ઉત્તમ નિમિત્ત બને છે. એટલા ગહન અને ગંભીર વચનામૃત છે કે જે જીવન રૂપાંતર કરી આપે છે.

'શ્રી પદ્મનંદિ પંચવિંશતિઃ' ગ્રંથના 'એકત્વ સપ્તતિ' પ્રકરણના શ્લોકોનું આંશિક આચમન આપણે કરી રહ્યા છીએ. શ્રી પદ્મનંદિ આચાર્યે શ્લોક ૭૭માં કહ્યું - જે આ એકત્વસપ્તતિ ગંગા, ઉન્નત શ્રી પદ્મનંદિ હિમાલય પર્વતથી ઉત્પન્ન થઈને મોક્ષપદ રૂપી સમુદ્રમાં પ્રવેશી છે તેમાં જે મનુષ્ય સ્નાન કરે છે તે મનુષ્ય અતિશય વિશુદ્ધિને પામે છે. કૃતિ મહિમા, સ્વનામ ઉલ્લેખ, કૃતિનું પ્રયોજન અને ફળ તથા ઉત્તમ ઉપમા અલંકારથી આચાર્યદેવે ગ્રંથને મહિમાવાન બનાવ્યો છે. હવે શ્લોક ૭૮માં કહે છે,

संसारसागरसमुत्तरणैकसेतुमेनं
सत्तं सदुपदेशमुपाश्रितानाम् ।
कुर्यात्पदं मललवोऽपि किमन्तरङ्गे
सम्यक्समाधिविधिसंनिधि निस्तरङ्गे ॥७८॥

અર્થાત્ જે સાધુજનોએ સંસાર રૂપી સમુદ્ર પાર થવામાં અદ્વિતીય પુલસ્વરૂપ આ ઉપદેશનો આશ્રય લીધો છે તેમના ઉત્તમ સમાધિવિધિની સમીપતાથી નિશ્ચલ બનેલ અંતઃકરણમાં શું મલિનતાને લેશ પણ સ્થાન પ્રાપ્ત થઈ શકે ? અર્થાત્ મલિનતા આવી શકે નહિ.

સાધકોની એક જ રુચિ છે કે સંસાર સમુદ્રમાંથી પાર થઈ શાશ્વત સુખના સ્વામી (જેવા છીએ તેવા થઈએ) બનીએ. તેમાં એકત્વસપ્તતિનો ઉપદેશ સેતુ સ્વરૂપ થાય છે. એક ચરણથી અંતિમ ચરણ પહોંચવા માટે આ ઉપદેશ સેતુ રૂપ બને તેવો છે. તેથી તેનો આશ્રય લઈએ. આશ્રય લેવાથી ઉત્તમ સમાધિ-ઉત્તમ સમભાવની વિધિ પ્રાપ્ત થશે. ઉત્તમ સમભાવ હોવાથી અંતઃકરણ નિર્મળ થાય છે. નિર્મળ અંતઃકરણમાં સંસારભાવોની મલિનતા પ્રવેશી શકતી નથી. સાધકને શ્રી પદ્મનંદિ આચાર્યનો ઉપદેશ ભવરોગ મટાડવામાં નિમિત્તરૂપ છે.

संसारसागरसमुत्तरणं सेतुरुपं उपदेशम् - સંસાર રૂપી સાગરને તરવામાં સેતુ રૂપ આ ઉપદેશ છે.

અનાદિકાળથી જીવો સંસારમાં ક્યાંકને ક્યાંક પરિભ્રમણમાં - ડૂબતાં જ રહે છે. અનાદિકાળથી જીવાત્મા ચારગતિના ચકરાવામાં ફરી રહ્યો છે. હવે જીવને સંસારસાગરમાંથી મુક્તિ જોઈએ છે. મુક્તિનો ગ્રાહક બન્યો છે ત્યારે શ્રી પદ્મનંદિ આચાર્ય કહે છે હે સાધક આત્મા, તને તેની મુક્તિનો માર્ગ બતાવું - સુંદર સેતુ બતાવું. તે સેતુએ ચાલ્યો જા તને મુક્તિપદની પ્રાપ્તિ થશે. આ કિનારે દુઃખરૂપ સંસાર છે. સામે કિનારે મોક્ષપદ છે. ચાલવાનું તારે છે. હું તને માર્ગ બતાવું છું.

उपदेशं आश्रित्वा - ઉપદેશને આશ્રિત થઈને જા. એકત્વ સપ્તતિ પ્રકરણમાં જે ઉપદેશ છે તેનો આશ્રિત થા. શ્લોક - ૧માં આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યું હતું કે જે પરમાત્માના ચેતન સ્વરૂપ અનુપમ આનંદનો સદ્ભાવ છે જે અવિનશ્વર અને શાંત છે, તેમને સમસ્ત કર્મો નાશ કરવા માટે (प्रणमामि) પ્રણામ કરું છું. મુક્તિમનીષા આ શ્લોકમાં વર્ણવી છે. પછીના બધા શ્લોકોમાં ઉપદેશ દીધો છે. આ ઉપદેશનો આશ્રિત થઈને - ઉપદેશ પ્રમાણે જીવનિકા બનાવે તો સમ્યક્ સમાધિ પ્રાપ્ત થાય. સમ્યક્ સમાધિથી સમીપ થાય.

અનાદિકાળથી વિપરીત માન્યતામાં જીવતા જીવને વિષમભાવ વર્તે છે. વિષમભાવને લીધે નૂતન કર્મબંધન થયા જ કરે છે. અકામ નિર્જરા થતી હોવા છતાં માન્યતામાં વિપરીતતા વર્તતી હોવાથી જીવ નવા કર્મ બાંધતો જ રહે છે. સંસારના મોહભાવમાં ખેંચાઈને નિર્મોહી સ્વરૂપને વિસરી જાય છે અને ભવસમુદ્રમાં ભમે છે. ત્યારે આ ઉપદેશનો આશ્રય અતિમૂલ્યવાન છે.

ચેતનમય આત્માનો મહિમા, સ્વચ્છંદનાશ, અનેકાન્ત દર્શનની સમજણ, ચૈતન્ય અભેદતાનો પુરુષાર્થ, સદ્ગુરુની ગુરુગમ, તેની આજ્ઞા, ગુરુના ઉપદેશનો મહિમા, અભ્યાસ વૈરાગ્ય (શ્લોક ૨૨), પટ્કારકની સમજણ, ચૈતન્યરૂપા જ્યોતિનો ઉદય, આત્મજ્યોતિનો મહિમા, સામ્યભાવનું માહાત્મ્ય, આત્મવિવેક સંપન્નતા, ભેદજ્ઞાનનો મહિમા, સ્વરૂપ અભેદતાનો સ્વીકાર (શ્લોક ૭૬) વગેરે જેવા વિવિધ વિષયોને એકત્વસપ્તતિમાં મુનિરાજે વર્ણવ્યા છે. તે ઉપદેશનો હે સાધક ! તું આશ્રિતવાન થા. ક્ષયોપશમ જ્ઞાન હોવાથી જીવો અધ્યાત્મ ગ્રંથોનો અભ્યાસ કરે છે. પણ દર્શનમોહના નાશ માટે જે પુરુષાર્થની જાત છે તે વિસરી જાય છે. બાહ્ય જ્ઞાન હોવા છતાં મિથ્યાત્વની ગ્રંથિ ભેદી શકતો નથી. કારણ સર્વભાવે આશ્રિતવાન થવામાં ભૂલ ખાય છે. સર્વ ભાવે અર્પણ થાય તો અવશ્યમેવ મોહગ્રંથિથી મૂકાય છે.

દૃષ્ટાંત છે કે એક વ્યક્તિ - સદ્ગુરુ પાસે જઈને કહે છે કે મારે ભગવાનને પ્રાપ્ત કરવા છે. મારે ભગવાનનો સાક્ષાત્કાર કરવો છે. આખો દિવસ સદ્ગુરુએ સામાન્ય કામમાં રોકી રાખ્યો. બીજે દિવસે સવારે નદીએ સ્નાન કરવા લઈ ગયા. નદીના પાણીમાં સદ્ગુરુ ગયા. તેને બોલાવ્યો. નદીના પ્રવાહમાં બંને પહોંચ્યા. ગુરુએ તે વ્યક્તિનું મુખ નદીમાં ડૂબાડ્યું. વ્યક્તિ મુંઝાયો. બહાર નીકળવા પ્રયત્ન કરે પણ ગુરુએ મોઢું ડૂબાડી રાખ્યું. થોડીવાર પછી ગુરુએ મોઢું બહાર કાઢ્યું. વ્યક્તિ એકદમ મુંઝાયેલો હતો. ગુરુએ કહ્યું બહાર આવવાની કેટલી તાલાવેલી હતી. એવી તાલાવેલી લાગે - રુચિ જાગે તો ભગવાનના દર્શન થાય. વ્યક્તિ સમજી ગયો. શિષ્ય બન્યો અને પામી ગયો.

સદ્ગુરુના ઉપદેશનો આશ્રિતવાન થતાં સમાધિ પ્રાપ્ત થાય છે. સમતા, સમાધિ, સમભાવ,

સાક્ષીભાવ, જ્ઞાતાદૃષ્ટાપણું, ઉદાસીનતા વગેરે એકાર્થી શબ્દો છે. તે પ્રાપ્ત થાય છે. પછી અંતઃકરણમાં સંસારભાવ રૂપી મલિનભાવ પ્રવેશી શકતા નથી. 'मललवोऽपि न कुर्यात् ।' મલલવ એટલે અંશમાત્ર મલિનતા પણ પ્રવેશી શકતી નથી. સંસાર સમુદ્ર તરી જવાય છે. સદ્‌ગુરુની આજ્ઞાના આશ્રિતવાન થતાં મોહ નષ્ટ થાય છે. સ્વચ્છંદનો નાશ પરમ અનિવાર્ય છે. સ્વચ્છંદ, મત, આગ્રહનો જીવે ત્યાગ કરવો જોઈએ અને સદ્‌ગુરુની આજ્ઞાના આશયે વર્તે તેને સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થઈ શકે છે. શ્રી પદ્મનંદિ આચાર્ય દર્શાવે છે કે ઉપદેશ રૂપી સેતુ ઉપર ચાલીને હે સાધક ! આગળ પુરુષાર્થ સાધીને અધ્યાત્મ ઉપદેશનું સેવન કર, સેવન કર; જેથી સમભાવ પામી અંતઃકરણની મલિનતા નષ્ટ થશે.

પૂ. બેનશ્રી ચંપાબેન વચનામૃતમાં લખે છે "એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય. પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે, તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો... સંસારથી ભયભીત જીવોને કોઈપણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ગુરુ ઉપદેશ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય."

સદ્‌ગુરુ ઉપદેશ અને સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલનાર સાધક મોક્ષપદને પ્રાપ્ત કરી શકે છે. પછી કર્મયોગ, જ્ઞાનયોગ, અષ્ટાંગયોગ, ભક્તિયોગ કે પ્રેમયોગ હોય - સદ્‌ગુરુ સમજીને શિષ્યને યોગ્ય આજ્ઞા આપે છે. તે મુક્તિને પામે છે.

પરમકૃપાળુદેવ વચનામૃત પત્રાંક ૩૧માં લખે છે "ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ એ જ અમૂલ્ય અને અનુપમ લાભ છે." એક જ લીટીનો પત્ર છે તેમાં સંપૂર્ણ અધ્યાત્મ દર્શન સમાય છે. **(ક્રમશઃ)**

## સદ્‌ગુણોથી જીવન બને મૂલ્યવાન

- **પવિત્રતા** સદ્‌ગુણોની જનની છે.
- **પ્રેમ** સદ્‌ગુણોનો રાજા છે.
- **શાંતિ** સદ્‌ગુણોની રાણી છે.
- **સત્ય** સદ્‌ગુણોની આંખ છે.
- **ક્ષમા** સદ્‌ગુણોનો પાયો છે.
- **ધૈર્ય** સદ્‌ગુણોનો કિલ્લો છે.
- **કરુણા** સદ્‌ગુણોની સાંકળ છે.
- **નમ્રતા** સદ્‌ગુણોની સુગંધ છે.
- **વિવેક** સદ્‌ગુણોનો શણગાર છે.
- **સહનશીલતા** સદ્‌ગુણોની દીવાલ છે.
- **વિશ્વાસ** સદ્‌ગુણોનો તાજ છે.
- **સાહસ** સદ્‌ગુણોનું હૃદય છે.
- **દૃઢતા** સદ્‌ગુણોની ચાવી છે.
- **ઈમાનદારી** સદ્‌ગુણોનો સાથી છે.
- **મધુરતા** સદ્‌ગુણોનું ઝરણું છે.
- **ગંભીરતા** સદ્‌ગુણોની રક્ષક છે.
- **સ્થિરતા** સદ્‌ગુણોનો સેતુ છે.
- **સાદગી** સદ્‌ગુણોની સુંદરતા છે.
- **સરળતા** સદ્‌ગુણોને લાવનાર છે.

**- સંકલન : છીતુભાઈ ગો. ભક્ત (વિદ્યાનગર)**

# બાર ભાવના - એક અનુચિંતન
(ક્રમાંક - ૧૧)

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી

## લોકસ્વરૂપભાવના

આ અંકમાં આપણે લોકના સ્વરૂપની વિચારણા કરીશું, જે દ્વારા આપણો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય વિશેષ દૃઢ થશે.

## લોકસ્વરૂપભાવનાની વ્યાખ્યાઓ :

- લોકસ્વરૂપનું ઉત્પત્તિ, સ્થિતિ, વિનાશ રૂપ વિચારવું તે 'લોકસ્વરૂપ ભાવના'.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

- આ બધો લોક સર્વત્ર વિનાશયુક્ત સ્થિતિ સહિત અનિત્ય અને દુઃખદાયી છે; તેથી વિવેકી જીવોએ પોતાની બુદ્ધિ મોક્ષના વિષયમાં જ લગાવવી જોઈએ.

**- શ્રી પદ્મનંદિ પંચવિંશતિ**
(ઉપાસક સંસ્કાર અધિકાર)

- હમ છોડ ચલે યહ લોક તભી
  લોકાંત વિરાજે ક્ષણ મેં જા,
  નિજ લોક હમારા વાસા હો,
  શોકાંત બને ફિર હમકો ક્યા.

**- શ્રી દેવશાસ્ત્રગુરુ જયમાલા**

- કિનહૂ ન કરૌ ન ધરે કો, ષટ્દ્રવ્યમયી ન હરૈ કો;
  સો લોકમાંહિ બિન સમતા, દુખ સહૈ જીવ નિત ભ્રમતા.

**- શ્રી છ ઢાળા**

- ચૌદહ રાજુ ઉત્તંગ નભ, લોક પુરુષ સંઠાન
  તામેં જીવ અનાદિ તેં, ભરમત હૈ બિન જ્ઞાન.

**- કવિવર ભૂધરદાસજી**

- ચારે તરફ અનંતાનંત આકાશ છે - જે અનંત પ્રદેશી છે. એવા આકાશના બરાબર મધ્ય ભાગમાં લોક છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ આ પાંચેય દ્રવ્યો જેટલા આકાશમાં રહ્યા છે, અવલોકાય છે, દેખાય છે તે લોક છે. આ લોકને કોઈએ બનાવ્યો નથી તથા કોઈએ ધારણ કર્યો નથી. આકાશના અવગાહનત્વ ગુણને કારણે છ દ્રવ્યો પુરુષાકારે આકાશમાં રહ્યા છે. આવા લોકના સૂક્ષ્મ સ્વરૂપનું ચિંતવન કરવું તે 'લોક સ્વરૂપ ભાવના' કહી છે. **- સમાધિસોપાન**

## વિશેષ વિચારણા

લોકાકાશ કે જેમાં ષડ્દ્રવ્યો રહેલા છે તે અસંખ્યાત પ્રદેશી છે. લોકનો આકાર પુરુષ આકૃતિ સમાન છે. લોકનું ક્ષેત્રફળ સાત રાજુઘન અર્થાત્ ૩૪૩ રાજુ પ્રમાણ છે. એની ચારે તરફ ઘનોદધિ, ઘનવાત અને તનુવાત નામના વાયુ રહેલા છે, જે લોકને ઘેરી રાખે છે.

આ લોકમાં અનંતાનંત જીવો છે. જીવોથી અનંત ગુણા પુદ્ગલ છે. ધર્મ દ્રવ્ય એક છે, અધર્મ દ્રવ્ય એક છે, આકાશ એક છે, કાળ દ્રવ્ય અસંખ્યાત છે. આ દ્રવ્યોનું સ્વરૂપ તથા લોકના ભાગોનું સ્વરૂપ વગેરેનું ચિંતવન કરવું તે લોકભાવનાની અનુપ્રેક્ષા છે.

આ ચૌદ રાજુ પ્રમાણ વિશાળ ક્ષેત્રમાં ચાર ગતિના જીવો છે. જીવ પોતાના કર્મ પ્રમાણે ચોર્યાસી લાખ યોનિમાં ભટક્યાં કરે છે. લોકના ત્રણ ભાગ છે : ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક. કોઈ પુરુષ બન્ને પગ ફેલાવીને અને બન્ને હાથને કટિ પ્રદેશની બન્ને તરફ રાખીને ઊભો રહે તો જેવો તેનો આકાર હોય છે તેવો જ આકાર લોકનો છે.

અધોલોકમાં નરક છે; જ્યાં નારકી જીવો અસહ્ય દુઃખ ભોગવે છે. અસંખ્યાત દ્વીપ તથા સમુદ્ર મધ્યલોકમાં છે અને સ્વર્ગ તથા મોક્ષસ્થાન ઊર્ધ્વલોકમાં છે. ત્રસનાડીમાં મધ્યલોકના અઢીદ્વીપમાં જ મનુષ્યો

રહેલા છે. ઊર્ધ્વલોકના એટલા જ ક્ષેત્રમાં સિદ્ધશિલા છે. મનુષ્યગતિના જીવો જ્યારે આત્મધર્મની આરાધના કરી નિર્વાણ પામે છે ત્યારે તેમનો આત્મા સીધો ઊર્ધ્વગમન કરી સમયના અનંતમા ભાગમાં સિદ્ધશિલા ઉપર બિરાજમાન થઈ જાય છે.

આ જીવ અશુભભાવ કરી નરક, પશુગતિ પામે છે. શુભભાવે દેવ તથા મનુષ્યના સુખ ભોગવે છે અને શુદ્ધભાવ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરે છે.

લોકમાં રહેલ બધા દ્રવ્યો ઉત્પાદ્ - વ્યય, ધ્રૌવ્યના નિયમોને આધીન રહી નિરંતર પરિણમન કરતાં છતાં પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે, પર રૂપે પરિણમતા નથી. જેમ દાળ-શાકમાં નાખેલા બધા જ પદાર્થો એક વસ્તુમાં હોવા છતાં પોતાનો સ્વભાવ એટલે ખારાશ, ગળપણ, તીખાશ જાળવી રાખે છે. આ પ્રમાણે જીવ અને પુદ્ગલ (જડ) એક ક્ષેત્રમાં હોવા છતાં જીવ જીવરૂપે રહે છે અને પુદ્ગલ પુદ્ગલ (જડ) રૂપે રહે છે.

આવા વિશાળ લોકમાં માત્ર જીવ દ્રવ્ય જ એવું છે કે જે ચૈતન્ય સ્વરૂપ છે અને તેમાં જ સુખ નામનો ગુણ રહેલો છે, જે આપણે પોતે જ છીએ; પણ અજ્ઞાનવશ આપણું સ્વરૂપ ભૂલીને સુખ મેળવવા ઈન્દ્રિયોના ગુલામ થઈ બહારમાં ભટકીએ છીએ. હવે આપણે જાગૃત મુમુક્ષુ બનીને સત્સંગની ઉપાસના દ્વારા આપણા સાચા સ્વરૂપને પામવું છે; જેથી આપણને સાચું અને સહજ સુખ પ્રાપ્ત થઈ જાય. આ પ્રમાણે આપણે જુદી જુદી રીતે લોકસ્વરૂપનું ચિંતવન કરવું.

લોકભાવનાની અનુપ્રેક્ષા કરવાનો હેતુ મનની ચંચળતાને શમાવવાનો છે. વિશાળ લોક સંસ્થાનના સ્વરૂપની વિચારણા કરવાથી મન એકાગ્ર બને છે અને સુવિચારણાની શ્રેણીએ ચઢે છે; જે આત્મજ્ઞાનપ્રાપ્તિનું મુખ્ય સાધન કહ્યું છે. યથા -

**"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."**

- શ્રી આત્મસિદ્ધિ

આગમમાં ધર્મધ્યાન ચાર પ્રકારે કહ્યું છે : આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય.

'સંસ્થાનવિચય' પ્રકારના ધર્મધ્યાનમાં ધ્યાતા - (સાધક) આ લોકના સ્વરૂપનું સૂક્ષ્મ ચિંતન કરે છે અને ક્રમે કરીને તે સાધક લોકના અગ્ર ભાગે સિદ્ધશિલા ઉપર (સિદ્ધલોકમાં) બિરાજમાન થઈ અનંતકાળ સુધી અનંત આનંદ અનુભવે છે.

## ઉપસંહાર તથા માહાત્મ્ય

જીવાદિ નવ પદાર્થોનો સમૂહ (છ દ્રવ્ય) તે લોક છે. લોકના ત્રણ વિભાગ છે : અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક. નીચે સાત નરક, મધ્યમાં અસંખ્યાત દ્વીપ - સમુદ્ર અને ઊર્ધ્વલોકમાં સ્વર્ગ છે તથા સૌથી ઉપર મોક્ષ છે. અશુભભાવ કરવાથી નરક અને તિર્યંચ ગતિ તથા શુભભાવ કરવાથી દેવ અને મનુષ્ય ગતિ મળે છે અને શુદ્ધોપયોગથી જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે.

"તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ."

આ રીતે લોકના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

જે પુરુષ ઉપશમ કરી એક સ્વભાવરૂપ થયો થકો આ પ્રમાણે લોકસ્વરૂપને ધ્યાવે છે - ચિંતવન કરે છે તે પુરુષ કર્મપુંજનો નાશ કરી એ જ લોકનો શિખામણિ થાય છે - એટલે કે લોકના શિખરે બિરાજમાન થાય છે કે જ્યાં અનંત, અનુપમ, બાધારહિત જ્ઞાનાનંદ સ્વરૂપ સુખને અનુભવે છે. આત્માર્થી - જિજ્ઞાસુ સાધકો લોકનું સ્વરૂપ વિસ્તારથી જાણી, જીવાદિનું સ્વરૂપ ઓળખી પોતાના ચિત્તને નિશ્ચલ સ્થિર કરી, કર્મકલંકનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કરો ! એવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## શ્રી શીતલજિન સ્તવન

યોગીશ્વર આનંદઘનજી સ્યાદ્વાદયુક્ત ત્રિભંગી મૌલિકતાપૂર્વક રચીને શ્રી શીતલનાથ તીર્થંકર ભગવાનની દ્રવ્ય-ગુણ-પર્યાયથી ઓળખાણ કરાવી રહ્યા છે. તીર્થંકર ભગવંતોની કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા - આ ત્રિભંગીના દરેક ગુણ પોતપોતાની જગ્યાએ પ્રભુમાં યોગ્ય રીતે શોભી રહ્યાં છે, એમ સમજાવી આનંદઘનજીએ તેમાં લાગતો વિરોધાભાસ પણ મટાડી આપ્યો. પ્રભુની "પ્રેરણ વિણ કૃત ઉદાસીનતા"નો આનંદઘનજીએ ગાથા - ૪ માં ઉલ્લેખ કર્યો. તેને સમર્થન આપતી શ્રીમદ્ રાજચંદ્રજી રચિત 'શ્રી આત્મસિદ્ધિ'ની ગાથાઓ યાદ આવતાં તેનો ઉલ્લેખ કર્યા વિના રહી શકાતું નથી, કારણકે પ્રભુની આવી ઉદાસીનતાની વિશેષ સમજણ તે ગાથાઓ અને તેના વિવેચનો દ્વારા થઈ શકશે. આત્મસિદ્ધિ ગાથા - ૭૨ માં જ્યારે શિષ્ય શંકા કરે છે કે - ".... અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ." ... જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરતાં હોવા જોઈએ. ત્યારે સદ્ગુરુ સમાધાન કરતાં ગાથા - ૭૭ માં કહે છે :

"કર્તા ઈશ્વર કોઈ નહીં, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ."

ઈશ્વર માત્ર પોતાના શુદ્ધ સ્વભાવના કર્તા છે, બીજા જીવો કે જગતના નહીં. જો ઈશ્વર એવી પ્રેરણા કરે તો ઉદાસીન વીતરાગી ન રહેતાં દોષી ઠરે ! પ્રભુ તો પરમ વીતરાગી હોવાથી કોઈ પ્રેરણા કરતા નથી. જુઓ ! બે જ્ઞાનીઓની વાતમાં કેટલું સામ્ય છે !

આનંદઘનજીએ પ્રભુના ગુણોની ઉપરોક્ત ત્રિભંગી તો કહી, પરંતુ પ્રભુ તો અનંત ગુણોના ભંડાર છે, તેથી તેમના ભક્તહૃદયને સંતોષ ન થતાં, બીજી પાંચ ત્રિભંગી અંતિમ કડીઓમાં રજૂ કરીને પ્રભુના ગુણગાનરૂપી પોતાની ભક્તિ વિશેષ દૃઢ કરે છે. કારણકે શ્રી અમિતગતિ આચાર્ય કહે છે તેમ :

"શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી ગુણ અસીમ છે આપના,
આ દાસ તારો હૃદયથી ગુણ ગાય તુજ સામર્થ્યના;
પ્રગટતા જો ગુણ બધા મુજ આત્મમાં સદ્ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી પ્રભુ વાર ક્યાંથી લાગતી !"

પ્રભુ જેવા બનવાની આવી ભાવનાથી આનંદઘનજી બીજી કઈ ત્રિભંગીઓ લાવે છે તે જોઈએ :

**શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;**
**યોગી ભોગી, વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે.**
**શીતલ૦ ૫**

**ઈત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;**
**અચરિજકારી ચિત્રવિચિત્રા, આનંદઘન પદ લેતી રે.**
**શીતલ૦ ૬**

**શબ્દાર્થ :** (૧) શક્તિ - વ્યક્તિ, (૨) ત્રિભુવનની પ્રભુતા - નિર્ગ્રંથતાનો સંયોગ, (૩) યોગી - ભોગી, (૪) વક્તા - મૌની, (૫) અનુપયોગી - ઉપયોગી, ઈત્યાદિક અનેક પ્રકારે (આ બે ભંગના માધ્યમથી) સર્જાતી પ્રભુના

ગુણોની ત્રિભંગી આપણા ચિત્તમાં ચમત્કાર ઉપજાવે છે. આવી આશ્ચર્યકારી અને ચિત્ર-વિચિત્ર ત્રિભંગીઓ આનંદના ઘનરૂપ મોક્ષપદને લાવે છે અર્થાત્ મોક્ષપદ આપે છે. (શક્તિ = સામર્થ્ય, વીર્યબળ; વ્યક્તિ = પ્રગટપણું, અભિવ્યક્ત થવું, to manifest; પ્રભુતા = ઐશ્વર્ય, પૂજ્યતા; નિર્ગ્રંથતા = કર્મગ્રંથિથી રહિત; યોગી = મન, વચન, કાયાના યોગ સહિત, સ્વાત્મા સાથે જોડાણ કરનાર; ભોગી = ભોગવટો કરનાર; વક્તા = ઉપદેશક; અનુપયોગી = ઉપયોગ રહિત; ઉપયોગી = ઉપયોગ સહિત; બહુભંગ = ઘણા ભંગથી, ઘણા પ્રકારે)

**ભાવાર્થ :** અહીં પાંચમી ગાથામાં આનંદઘનજીએ પાંચ ત્રિભંગી આપી છે, જેમાં ત્રીજો ભંગ અધ્યાહાર છે, ગર્ભિતપણે સમાયેલો છે, એમ તેમણે કહેલ ગાથા - ૬ના શબ્દો 'બહુ ભંગ ત્રિભંગી'થી સમજાય છે. તે ત્રીજો ભંગ ગુરુગમથી સમજવા યોગ્ય છે એવો તેમનો આશય હોઈ શકે છે. વિવિધ વિવેચનકારોએ જે રીતે આ દરેક ત્રિભંગીનો ત્રીજો ભંગ રજૂ કર્યો છે, તેને પહેલાં એક દષ્ટાંત દ્વારા સમજીએ તો સહેલું પડશે.

ભગવાન શ્રીરામ એક દૃષ્ટિકોણ (એક ભંગ)થી દશરથના પુત્ર છે. બીજા ભંગથી સીતાના પતિ છે. પણ ખરેખર તો રામ ન પુત્ર છે કે ન પતિ છે - રામ તો બસ રામ છે, જે સ્વરૂપ વાણીનો વિષય નથી; સ્યાત્ અવક્તવ્ય છે. આ ત્રીજો ભંગ છે, જેને દ્રવ્યદૃષ્ટિ પણ કહે છે. પહેલા બે ભાંગામાં પર્યાયદૃષ્ટિ છે. એ જ રીતે આનંદઘનજી અહીં જે ત્રિભંગીઓ રજૂ કરે છે તેમાં પ્રભુના સ્વરૂપને દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણવા માટે પહેલા બે ભંગમાં ગુણ અને પર્યાયને મુખ્ય કરે છે અને ત્રીજા ભંગમાં દ્રવ્યદૃષ્ટિને ગર્ભિતપણે લીધી છે. આટલી ભૂમિકા બાંધ્યા પછી હવે તે ત્રિભંગીઓ વિચારીએ. વાત થોડી સૈદ્ધાંતિક આવશે, પરંતુ બને તેટલી સહેલી કરવાનો પ્રયત્ન કર્યો છે.

**● પહેલી ત્રિભંગી :**

(૧) શક્તિ, (૨) વ્યક્તિ, (૩) ન શક્તિ - ન વ્યક્તિ. ભગવાનમાં અનંત ગુણો શક્તિરૂપે છે, કારણકે ''સર્વ જીવ છે સિદ્ધ સમ'', એટલે સર્વ જીવમાં સિદ્ધ જેવા ગુણો શક્તિરૂપે છે, તો ભગવાનમાં તો સ્વાભાવિકપણે હોય જ ને ? પણ તો પછી પ્રભુમાં ને સંસારીમાં શો ફરક ? તે માટે બીજો ભંગ કે પ્રભુમાં તે ગુણો વ્યક્તિરૂપે એટલે કે વ્યક્ત થયેલા છે, પ્રગટ થયા છે. ત્રીજો ભંગ 'ન શક્તિ - ન વ્યક્તિ' એટલે કે જે ગુણો હતા તે જ પ્રગટ થયા, તેમાં શક્તિ ફોરવવારૂપ શું કર્યું ? માટે 'ન શક્તિ' અને જે મૂળ સ્વભાવ હતો તે જ પ્રગટ થયો, કંઈ નવીન નથી પ્રગટ્યું, માટે 'ન વ્યક્તિ' ! વળી, પરમ શુદ્ધ નિશ્ચયનય માત્ર ત્રિકાળી ધ્રુવ દ્રવ્યનો જ લક્ષ કરે છે, જેમાં ગુણ - પર્યાય ગૌણ થઈ જાય છે, માટે 'ન શક્તિ, ન વ્યક્તિ'. આત્મા તો બસ, ચિન્માત્ર અનંત ગુણોના પિંડરૂપ અખંડ ચૈતન્યસત્તા છે, જેને પરમપારિણામિક ભાવ પણ કહે છે. શક્તિ, વ્યક્તિ આદિ પહેલા બે ભંગ પ્રભુ અને તેમના જેવા જ આપણા સ્વરૂપની સુવિચારણામાં ઉપયોગી છે. તે સુવિચારણા પરિપક્વ થતાં ઉપરોક્ત ત્રીજો ભંગ નિજ ચૈતન્યસત્તાના નિર્વિકલ્પ ધ્યાનમાં લઈ જવામાં ઉપયોગી થાય છે. આ જ રીત આગળની ત્રિભંગીઓમાં પણ લાગુ પડશે.

**● બીજી ત્રિભંગી :**

(૧) ત્રિભુવન પ્રભુતા, (૨) નિર્ગ્રંથતા, (૩) ન પ્રભુતા, ન નિર્ગ્રંથતા. તીર્થંકર ભગવાન ત્રણ ભુવનના સર્વ જીવોનું કલ્યાણ કરનારા હોવાથી ત્રણે લોક દ્વારા પૂજ્ય, તેમજ દેવો રચિત સમવસરણ, અષ્ટપ્રાતિહાર્ય આદિ દ્વારા પૂજ્ય એવી

પ્રભુતાને, ઐશ્વર્યને વરેલા છે. તો વળી તેનાથી વિરોધાભાસી 'નિર્ગ્રંથતા' પણ તેમનામાં છે. તીર્થંકર નામકર્મથી મળેલ પ્રભુતા તેમની વીતરાગતાને અલ્પ પણ વિચલિત કરતી નથી, કારણકે પ્રભુ રાગ-દ્વેષ-અજ્ઞાન, એવી મુખ્ય કર્મની ગ્રંથિથી સર્વથા મુક્ત છે, માટે 'નિર્ગ્રંથતા'. પરંતુ અનંત સમાધિસુખને પ્રાપ્ત પૂર્ણ કૃતકૃત્ય દશામાં બિરાજમાન પ્રભુને સર્વ કાર્ય સિદ્ધ થઈ ગયું હોવાથી હવે શું પ્રભુતા કે શું નિર્ગ્રંથતા ? પ્રભુને ત્રણ ભુવનની પ્રભુતા ભોગવવાનો કોઈ ભાવ કે વિકલ્પ નથી માટે 'ન પ્રભુતા' અને બાહ્ય નિર્ગ્રંથપણારૂપ મુનિદશાથી તો ક્યાંય આગળ નીકળી "પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને" સ્વરૂપમગ્ન રહેતા પ્રભુને હવે નિર્ગ્રંથ કહેવા પણ ઉચિત નથી, માટે 'ન નિર્ગ્રંથતા'. વળી, પહેલી ત્રિભંગીમાં જણાવ્યા પ્રમાણે પરમ શુદ્ધ નિશ્ચયનયથી પરમપારિણામિક-ભાવ એવા દ્રવ્યને લક્ષમાં લેતાં 'ન પ્રભુતા, ન નિર્ગ્રંથતા', પણ માત્ર અખંડ શુદ્ધ ચૈતન્યસત્તા.

**● ત્રીજી ત્રિભંગી :**

(૧) યોગી, (૨) ભોગી, (૩) ન યોગી - ન ભોગી. તીર્થંકર પ્રભુને મન, વચન, કાયાના યોગ હોવા છતાં તેનાથી સંપૂર્ણ અલિપ્ત રહી, પોતાના સ્વરૂપ સાથે સંપૂર્ણ જોડાણ કરનાર, એવા 'યોગી' છે (યોગ = જોડાણ કરવું). યોગી હોય તે ભોગી ન હોય એવો સામાન્ય નિયમ છે. પરંતુ પ્રભુ તો અનંત જ્ઞાનાનંદરૂપી અનંત ચતુષ્ટયનો અને તે ઐશ્વર્યની સમય સમયની પર્યાયનો ભોગવટો કરી રહ્યાં છે અને અનંત કાળ સુધી કરશે, માટે 'ભોગી'. "દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત" એવી પ્રભુની દશા હોવાથી, મન, વચન, કાયાના યોગ અઘાતી કર્મને લીધે માત્ર થોડા સમય માટે સંયોગરૂપે હોવાથી તેમજ આયુષ્ય પૂર્ણ થતાં આ યોગને રૂંધી અયોગી સિદ્ધ થવાના હોવાથી 'ન યોગી' અને વૃત્તિ નિજભાવમાં રહેવાથી પરનું ભોકતૃત્વ બિલકુલ ન રહ્યું માટે 'ન ભોગી'. અહીં પણ પરમશુદ્ધનિશ્ચયનયથી પરમપારિણામિકભાવમાં યોગી-ભોગીરૂપ કોઈ વિકલ્પને સ્થાન ન હોવાથી 'ન યોગી, ન ભોગી' રૂપ ત્રીજો ભંગ સમજી શકાશે.

**● ચોથી ત્રિભંગી :**

(૧) વક્તા, (૨) મૌની, (૩) ન વક્તા, ન મૌની. 'હિતોપદેશીપણું' પ્રભુનો એક મુખ્ય ગુણ છે. તેથી દિવ્યધ્વનિ દ્વારા દેશના આપે છે; માટે 'વક્તા' છે. પરંતુ ખરેખર વક્તાપણું માત્ર ઉપચારથી છે. વાણી તો તેમના અતિશયથી સહજપણે ખરે છે. પ્રભુ તો ત્યારે પણ મૌન જ છે કારણકે વીતરાગી હોવાથી ઇચ્છાસહિત બોલવાનું હોતું જ નથી, માટે 'મૌની' છે. પરમ સમાધિમાં લીન પ્રભુને વક્તાપણું, મૌનપણું આદિના વિકલ્પોને કોઈ અવકાશ નથી. માટે 'ન વક્તા, ન મૌની'. શ્રીમદ્જી પણ જ્યારે પત્રાંક - ૧૩૩ માં કહે છે કે "નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું" (કારણકે) "રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે." તો પછી પૂર્ણજ્ઞાની એવા શ્રી શીતલનાથ ભગવાનને તો 'ન વક્તા, ન મૌની'ની દશા હોય તેમાં શું આશ્ચર્ય ? વળી ઉપર જણાવ્યા પ્રમાણે પરમ શુદ્ધ નિશ્ચયનય કે જે માત્ર દ્રવ્યદૃષ્ટિ કરાવે છે, તે દ્વારા પણ આ ત્રીજો ભંગ સમજી શકાય છે.

**● પાંચમી ત્રિભંગી :**

(૧) અનુપયોગી, (૨) ઉપયોગી, (૩) ન અનુપયોગી - ન ઉપયોગી.

આત્માના જ્ઞાન-દર્શન સ્વભાવને ઉપયોગ કહે છે. પણ આપણો ઉપયોગ નિરંતર બહાર

ભમે છે, જ્યારે પ્રભુનો ઉપયોગ સર્વથા અંતર્મુખ થયો છે. હવે તેમનો ઉપયોગ કદાપિ પરદ્રવ્યમાં તથા પરભાવમાં જવાનો નથી માટે 'અનુપયોગી'. પણ તેથી કંઈ પરનું જાણવાનું બંધ થતું નથી. કેવળજ્ઞાનોપયોગ અને કેવળદર્શનોપયોગ વડે પ્રભુ સ્વ અને પર (લોકાલોક)ના સહજપણે નિર્વિકલ્પપણે જ્ઞાતા-દ્દષ્ટા છે, માટે 'ઉપયોગી'. પરંતુ ઉપરોક્ત પરમશુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ "ન અનુપયોગી - ન ઉપયોગી" પણ માત્ર અખંડ શુદ્ધ ચૈતન્યસત્તા એમ ત્રીજો ભંગ સમજવો.

અંતિમ ગાથામાં આનંદઘનજી કહે છે કે આ પાંચ ત્રિભંગીઓની જેમ બીજી બહુભંગી - અનેક પ્રકારની ચિત્રવિચિત્ર ત્રિભંગીઓ પ્રભુના અનંત ગુણોમાં સમાયેલી છે, જે મારા ચિત્તને ચમત્કારિક લાગે છે અને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. આવી ત્રિભંગીઓમાં અનેક પ્રકારે પ્રભુની લાક્ષણિકતાઓ નિખરતી જોઈને ભક્તહૃદય હર્ષથી નાચી ઊઠે છે. પ્રભુના ગુણોની આ ત્રિભંગીઓમાં એવું દૈવત છે કે જેને તેમાં અત્યંત પ્રીતિ અને શ્રદ્ધા થાય છે તેને "આનંદઘન પદ લેતી રે" - આનંદના અખંડ પિંડ સમાન પરમાત્મપદની પ્રાપ્તિ કરાવે છે એમ આશીર્વાદ આપી આનંદઘનજી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે.

આનંદઘનજીએ પ્રરૂપેલ આ ત્રિભંગીઓ આપણી સાધનાને પણ એક નવો મોડ આપે છે, દૃષ્ટિ આપે છે કે તમારી સાધનાને કોઈ ઢાળમાં ઢાળી નહીં દેતા પણ તેને અનેકાંતમય બનાવજો. એક તરફ 'કરુણા' તે સાધનાનો અગત્યનો, બલ્કિ પ્રાથમિક ભંગ છે, કારણકે શ્રીમદ્જીએ જ કહ્યું છે કે "કરુણા, કોમળતાદિ ગુણ પ્રથમ ભૂમિકા ધાર." પરંતુ પર-દયા સાથે સ્વ-દયા એટલે કે અનંતકાળથી ભટકતા અને દુઃખી થતાં પોતાના આત્માની જ કરુણા કરવાની છે. તે માટે તીક્ષ્ણતારૂપ બીજો ભંગ છે, જે કર્મો સામે લડવાની, અનાદિની કુટેવોને તોડવા માટે વીર્ય ફોરવવાની પ્રેરણા કરે છે અને તેની સાથે જ "સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી" એવી પરના કર્તૃત્વ-ભોક્તૃત્વથી રહિત ઉદાસીનતાનો ત્રીજો ભંગ અંતર્મુખ થવામાં ઉપયોગી થાય છે. કોઈ એક ભંગનો એકાંત પણ કાર્યકારી નથી. માત્ર કરુણા હશે તો પરદયામાં જ સંતોષ માની લેવાશે. તીક્ષ્ણતાનો એકાંત હશે તો હઠયોગ, એકાંતવાસ, ઉગ્ર મૌન અને તપ આદિ ખૂબ બાહ્ય પુરુષાર્થ થશે પણ તત્ત્વ ગ્રહણ કરવારૂપ સરળ, કોમળ હૃદય નહીં હોય તો 'પદાર્થનો અનિર્ણય' રૂપ ખામી રહી જશે અને કામ નહીં થાય. આમ, કરુણા, તીક્ષ્ણતા, ઉદાસીનતા અને તે પ્રમાણે સર્વ ત્રિભંગીઓ સાધનામાં સ્યાદ્વાદની કૌશલ્યતા લાવશે અને નિશ્ચય ત્રિભંગી એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ કરાવશે. અહીં ખરેખર સદ્ગુરુની જરૂર પડે છે, જે એકાંત માર્ગે જતાં જીવને બચાવે છે.

આમ, આનંદઘનજીએ ત્રિભંગીરૂપે કરેલ શીતલનાથ ભગવાનની ભક્તિમાં ખરેખર તો આપણું જ કલ્યાણ સમાયેલું છે, કારણકે તેને જો અપૂર્વ શ્રદ્ધા અને પ્રીતિ લાવીને સમજીએ તો નિશ્ચયથી આનંદના ઘન એવા નિજાત્માની પ્રાપ્તિ થાય છે. આનંદઘનજીના આવા ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! ત્રિભંગીઓના અર્થઘટનમાં મારી અલ્પજ્ઞતા વશ આનંદઘનજીના આશયથી કંઈ પણ વિપરીત લખાયું હોય તો સર્વ જ્ઞાનીપુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરી આ સ્તવનની વિચારણાને અહીં સમાપ્ત કરીએ છીએ.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

(ક્રમાંક - ૧૯)

વલભજી હીરજી 'કેવલ'

**"પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,**
**ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;**
**સાદિ અનંત અનંત સમાધિસુખમાં,**
**અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો."**
**અપૂર્વ૦ ૧૯**

આત્માની સિદ્ધપર્યાય પ્રગટે તે સમયે કેવી દશા હોય છે ! પૂર્વ પ્રયોગાદિ કારણોમાં એક ન્યાય ઘટે છે. અનાદિકાળનો અજ્ઞાનભાવ હતો તેને ટાળતાં સમ્યગ્દર્શન - આત્મજ્ઞાન દશા પ્રગટે છે અને ત્યારે પૂર્ણ શુદ્ધતા - મોક્ષસ્વભાવની અવસ્થા પ્રગટ કરવા માટે સ્વસ્વરૂપે વર્તવાનો એટલે કે જ્ઞાનની સ્થિરતા - રમણતારૂપ પુરુષાર્થભાવ પ્રગટ કરે છે. આ ગુણશ્રેણીરૂપ અંતરંગ જ્ઞાનમાં પ્રયત્ન તે પૂર્વ પ્રયોગ છે, અને તે વડે પૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટ્યું. એથી સહેજે ઊર્ધ્વગમન થયું. એક સમયમાં આઠમી પૃથ્વી ઉપર લોકને છેડે પહોંચીને જીવ સ્વદ્રવ્યમાં સ્થિર રહે છે.

"સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો" એટલે ચૈતન્યરૂપ સિદ્ધ આત્મા, તેનું સ્વક્ષેત્ર તે અસંખ્યાત પ્રદેશ છે. તે સ્વ-રાજમાં, શિવસુખમાં શોભતો છેલ્લા મનુષ્યદેહ જેવડા આકારનો અરૂપી ઘન ચૈતન્યમૂર્તિ પોતાના સ્વરૂપમાં - સિદ્ધક્ષેત્રમાં નિશ્ચલ નિરાબાધપણે સદાય સ્વતંત્રપણે ટકી રહે છે. ફરીને જન્મ ધારણ નથી કરતો, તે ત્રિકાળ નિયમ છે. જે ક્ષેત્રમાં અનંત સિદ્ધ જીવો છે, ત્યાં એક આત્મદ્રવ્ય બીજા આત્મદ્રવ્યમાં મળી જતું નથી; પણ સ્વતંત્રપણે સ્વ સત્તા ટકાવીને નિત્ય રહે છે. કેવી રીતે ? તો કે

'સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.'

આત્માનો સ્વ-સ્વભાવ અનંત આનંદ સ્વરૂપ છે. પૂર્ણ શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા વડે જે શક્તિરૂપ મોક્ષ સ્વભાવ હતો તે પ્રગટ થતાં સહજ આનંદનો સ્વાદ આવે છે. પૂર્ણ સ્વરૂપ સમાધિ તે સાદિ-અનંત સુખમાં સદાય ટકવું તે છે. એવા અપૂર્વ અવસરની અહીં ભાવના છે. પુણ્ય-પાપ અને રાગ-દ્વેષ રૂપ ઉપાધિની અસરથી ભિન્ન એવી સ્વરૂપ સ્થિરતા સત્ય પુરુષાર્થ વડે પૂર્ણપણે પ્રગટ થાય છે, અને તેથી નિરાકુળ સુખદશા પ્રગટે છે. નિરાકુળતા એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ રહિત શાંતિ.

'અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો' આત્મામાં બેહદ સામર્થ્ય હોવાથી તેના બધા ગુણ અનંત શક્તિવાળા છે. આત્મા અનંત સ્વાધીનતાનું ભાન કરીને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય અને અનંત આનંદને શક્તિમાંથી વ્યક્ત-પ્રગટ કરી શકે છે. પણ જ્યાં સુધી પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી પરાધીન છે, તેથી દુઃખી છે. પુણ્યના પરમાણુઓનું અવલંબન તથા તેનો સંબંધ રહે તે પરાધીનતા છે. સ્વાધીનતાનો ધર્મ ભૂલી પરાધીનતાનું કાર્ય કરે, પછી તેનું ફળ સ્વાધીનતા ક્યાંથી પ્રગટે ? વિકારી-રાગરૂપ કારણમાંથી અવિકારી-વીતરાગ કાર્ય પ્રગટે નહીં, માટે પ્રથમ સાચી સમજણથી આત્માની રુચિ કરવાની જરૂર છે. અહીં સમ્યગ્દર્શન સહિત પૂર્ણ શુદ્ધ સ્વરૂપની રુચિ, પુરુષાર્થની અપૂર્વ અવસરની ભાવના છે.

સિદ્ધ ભગવાન તથા કેવળજ્ઞાની સર્વજ્ઞને એક જ સમયે અનંત સામર્થ્ય સ્વરૂપ દર્શન-જ્ઞાન ઉપયોગ છે. તેમાં વિશ્વના સમસ્ત જીવ-અજીવ દ્રવ્યોના સામાન્ય વિશેષ સર્વભાવો સમય માત્રમાં સહેજે જણાય છે. સર્વજ્ઞને અનંત દર્શનનું બેહદ સામર્થ્ય છે. અનંત સુખ છે. બધા ગુણોને ટકાવી રાખનાર અનંત વીર્ય-બળ નામનો ગુણ છે. એવા અનંત ગુણોવાળી પૂર્ણ પરમાત્મ-દશા પ્રગટ થાય એવો અપૂર્વ અવસર ક્યારે આવે તેની અહીં ભાવના છે. **(ક્રમશઃ)**

# વિગ્રહનું બીજ : અયોગ્યતા

**ધૂની માંડલિયા**

બદલાતા સમયની સાથે ગુણો કે અવગુણો વિશેનાં ખ્યાલો અને માપદંડો પણ બદલાતાં રહે છે. એક જમાનામાં ગાળ બોલતાં સભ્ય માણસ હજારવાર વિચાર કરતો હતો. આજે ગાળ ખુદ સભ્યતા લેખાય છે !! બે સાઈકલ સવારો અજાણતાં અથડાઈ જતાં તો એક સમયે ભૂલના અહેસાસના સ્વીકાર સાથે બંને છૂટા પડી જતાં. આજે સંભવ છે કે વાત એકબીજાની હત્યા સુધી પહોંચી જાય ! શું માણસમાં ક્રોધની માત્રા વધી રહી છે ? સમતાનું પ્રમાણ ઘટી રહ્યું છે ?

કૌરવોના વિનાશ પાછળ ધૃતરાષ્ટ્રનો પુત્ર-મોહ જવાબદાર જણાય છે. પુત્ર દુર્યોધનની યોગ્યતા નથી છતાં પિતા ધૃતરાષ્ટ્રને તેને રાજ સિંહાસન પર બેસાડવાની ઘેલછા કે મૂઢતાએ કુરુક્ષેત્ર નોતર્યું હતું. લાગવગને કારણે એક ઉમેદવારને સરકારી કચેરીમાં નોકરી મળી જાય છે, જ્યારે સંપૂર્ણ યોગ્યતા ધરાવતો એક ઉમેદવાર લાગવગના અભાવે રખડી પડે છે. આવી લાગવગો ધૃતરાષ્ટ્રના પુત્રમોહ જેવી લાગણીમાંથી જન્મતી હોય છે. નોકરી આપનારમાં માપદંડોને વળગી રહેવાની દૃઢતા હોય તો સમાજમાં અસમાનતા કે અન્યાય સામે વિદ્રોહ કરવાની ભાગ્યે જ જરૂર ઊભી થાય. સમાજ એકંદરે સુખ સંપન્ન બને.

ગુરુ નાનકે એકવાર પુત્રને બોલાવ્યો અને કહ્યું કે, "વત્સ, આજે ગૌશાળા સાફ કરવાનું મારાથી રહી ગયું છે, તો તું એને સાફ કરી આવ." પુત્ર બોલ્યો : "મારે હજી પૂજાપાઠ બાકી છે." ગુરુ નાનકે પોતાના અંગદ નામના શિષ્યને બોલાવ્યો અને તેને ગૌશાળા સાફ કરવા કહ્યું. અંગદ કશું બોલ્યા વિના ગૌશાળે પહોંચી ગયો. છાણના ટોપલાઓ માથે મૂકી ઉકરડામાં નાખી આવ્યો. તે ફરીવાર નાહવા ગયો અને પછી પૂજાપાઠ પણ કર્યા.

બીજા દિવસે ગુરુ નાનક પોતાના ઉત્તરાધિકારીના નામની જાહેરાત કરવાના હતા. બધા શિષ્યો ગુરુ નાનકની કુટિરમાં એકઠાં થયા હતાં. ગુરુ નાનકે કહ્યું કે મારા ઉત્તરાધિકારી તરીકે હું અંગદ પર મારી પસંદગી ઉતારું છું. આ વાક્યે શિષ્યોમાં ગણગણાટ શરૂ થયો કોઈએ કહ્યું પણ ખરું કે અરે, આપના પુત્રને બદલે આપ અંગદને શા માટે ઉત્તરાધિકારી બનાવો છો ?

ગુરૂ નાનક બોલ્યા, "જુઓ મને લાગે છે કે મારા પુત્ર કરતાં ઉત્તરાધિકારી થવાની વધુ યોગ્યતા અંગદમાં છે. જે ગૌશાળાની ગંદકી સાફ કરી શકે છે તે સમાજની ગંદકી જરૂર સાફ કરી શકશે."

રાગની પજવણી આપણને કોઠે પડી ગઈ છે. પુત્રરાગ, પત્નીરાગ, સંબંધરાગ. આ રાગ એ જ મહારોગ છે. ક્રોધ, વેરઝેર, બદલાની ભાવના કે વિદ્રોહ આ અસંતુલ રાગમાંથી પેદા થાય છે. રજોગુણ જરાક ગફલતમાં રહે તો તમોગુણમાં સરી પડે અને થોડીક જાગૃતિ બતાવે તો સત્ત્વવૃદ્ધિ પામે.

ક્યારેક એવો વિચાર પજવી જાય છે કે શું આપણી સંસ્કૃતિ દલાલોની સંસ્કૃતિ છે ? સત્તા, હોદ્દા, ચૂંટણીમાં ટિકિટ, ખાનગી કે સરકારી નોકરી વગેરે વગેરે અનેક ક્ષેત્રોમાં વગવશીતાઓ માટે રસ્તા સાફ હોય છે. સિફારસો મેદાન મારી જતી હોય અને લાયકાત કે યોગ્યતા ઘરખૂણે કલ્પાંત કરતી હોય છે !

# ભક્તિ

**મધુભાઈ પારેખ**

ભક્ત અને ભક્તિ શબ્દથી સૌ પરિચિત છીએ, તો પણ એનું સાચું સ્વરૂપ બહુધા થોડા લોકો જ જાણે છે. શબ્દાર્થથી ભક્ત (જોડાયેલું) અને વિભક્ત (છૂટું પડેલું) શબ્દ પણ વ્યવહારમાં છે. વળી અવિભક્ત શબ્દ પણ જાણીતો છે. (છૂટું નહીં પાડેલું)

અધ્યાત્મમાર્ગમાં ભક્ત અને ભક્તિ શબ્દો વિશેષ પ્રચલિત છે. ભક્ત કે જે કોઈ સંત, સદ્‌ગુરુ કે ભગવાન સાથે જોડાયો છે, તે વ્યક્તિ-સાધક. ભક્તિ તે એક પ્રક્રિયા (પ્રકૃષ્ટ ક્રિયા) છે કે જેના માધ્યમથી ભક્ત જોડાયો છે.

સંસારી જીવાત્મા પૂર્વકર્મના બંધથી પરાધીનતાનું વેદન કરે છે, પરંતુ આવી અવસ્થામાં તે રાજી નથી; જેથી કર્મબંધથી છૂટવા માટે ભક્તિ વડે કર્મબંધથી મુક્ત થવાનો પુરુષાર્થ યથાશક્તિ-યથામતિ કરતો રહે છે. લગભગ બધાં જ ધર્મ મત-સંપ્રદાયમાં આ પ્રક્રિયા ભિન્ન-ભિન્ન પ્રકારે થતી જોવામાં આવે છે. કર્મબંધ બે પ્રકારે છે : (૧) શાતા રૂપ, (૨) અશાતારૂપ. સામાન્ય જીવનમાં મનુષ્યપ્રાણી અશાતા-અસ્વસ્થતાથી બચવા માટે ભક્તિ કરે છે. માટે જ કહ્યું છે કે 'દુ:ખમાં સમરે રામ' પરંતુ શાતારૂપ કર્મનું પણ બંધન છે, તે લક્ષમાં આવતું નથી. જાણે શાતા એ પોતાનો અધિકાર હોય તેમ માનવાની ભૂલ કરતો રહે છે ! જોકે શાતા-અશાતા બન્ને કર્મ સ્થિતિ ક્ષણિક છે - શાશ્વત નથી.

અધ્યાત્મમાર્ગમાં કર્મબંધનથી મુક્ત થઈ, મોક્ષસુખની પ્રાપ્તિ માટે ત્રણ માર્ગ દર્શાવવામાં આવે છે : (૧) જ્ઞાનમાર્ગ (૨) ક્રિયામાર્ગ અને (૩) ભક્તિમાર્ગ. પ્રથમ બે માર્ગ ત્રીજાની અપેક્ષાએ કઠિન માનવામાં આવે છે. જ્ઞાનમાર્ગનું આરાધન કરીને, ક્રિયામાર્ગનું આરાધન કરીને કે ભક્તિમાર્ગનું આરાધન કરીને જે પ્રાપ્ત કરવાનું છે તે એક જ તત્ત્વ છે - આત્મજ્ઞાન.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે જો ભક્તિમાર્ગનો આશ્રય કરવો હોય તો ભક્તિનું યથાર્થ સ્વરૂપ સમજવું અનિવાર્ય છે. શરૂઆતમાં ભક્ત અને ભગવાન બે ભિન્ન તત્ત્વ છે, જેમાં ભગવાન પૂર્ણ આત્મજ્ઞાનથી યુક્ત છે અને ભક્ત એવા ભગવાનની ભક્તિ કરે છે. ભક્તનો આશય આત્મજ્ઞાનની પ્રાપ્તિ હોય છે. ભક્તને જયારે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે ભિન્નપણું લોપ થઈ જાય છે. ભક્ત અને ભગવાન એકરૂપ-એકાકાર થઈ જાય છે. આવી અવસ્થા પ્રાપ્ત કરવા માટે ભક્તે સર્વ પ્રકારે સમર્પિત થવું પડે છે. હવે તેનું પોતાનું કંઈ જ નથી જેમકે, કોઈ રાજા રાજ-સંપત્તિનું દાન કર્યા પછી તે રાજ્ય કે સંપતિ ઉપર તેનો કોઈજ અધિકાર બચતો નથી, તે પ્રકારે જે ભક્ત ભગવાનને શરણે જઈ ભક્તિ કરે છે તેણે સર્વસ્વ અર્પણ કરવાનું હોય છે; જેમાં દેહ પણ સમર્પિત થાય છે અને જેની ભક્તિ કરે તેની પ્રત્યેક આજ્ઞાનું યથાર્થ પાલન કરવાનું હોય છે. હવે તેનો પોતાનો કોઈ જ મત, આગ્રહ કે અભિપ્રાય નથી. આજ્ઞાપાલન એ જ ભક્તિ. ભક્તિ ગૃહસ્થ અને સન્યાસી બન્નેને આવશ્યક છે, જેમાં સન્યાસી સર્વ પ્રકારે અને સંસારીઓ જીવનનિર્વાહના સાધનોથી નિવૃત્ત થઈ ભક્તિ કરે છે. ગૃહસ્થ જેની ભક્તિ કરે છે તેની આજ્ઞાને કોઈ પ્રકારે બાધ ન થાય તે પ્રકારે કુટુંબ અને આશ્રિતોનાં ભરણપોષણ માટે વેપાર

આદિ કરતો રહીને ભક્તિ કરે છે. ગૃહસ્થ ભક્તે વિશેષ સાવધાની રાખવી પડે છે. કેમકે ભગવાનને સમર્પિત થયો હોવાથી કુટુંબીજનો અને આશ્રિતો પ્રત્યે મોહથી જોડાઈ શકતો નથી. માત્ર પ્રારબ્ધ-ઋણાનુબંધ અનુસાર નિર્લેપ રહીને વહેવાર સાચવી લે છે. આવા ઉત્તમ ભક્તોમાં નરસિંહ મહેતા, મીરાં, કબીર જેવા અનેક ગૃહસ્થ ભક્તો સમાવિષ્ટ છે.

ભક્ત ભણેલો ન હોય તો પણ ભક્તિ કરી શકે છે અને ભક્તિથી તેને આત્મજ્ઞાન-આત્મ અનુભવ થાય છે; જે જ્ઞાન મુક્તિનું કારણ બને છે. ભણતરથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે માહિતીરૂપ છે, જ્યારે ભક્તિથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે અનુભવજ્ઞાન છે અને તે જ્ઞાન જ મોક્ષનું કારણ છે. આ વાત માત્ર શ્રદ્ધાથી સ્વીકારવી જરૂરી નથી. થોડો વિચાર કરતા એ વાત સ્પષ્ટ થાય છે કે સમર્પિત ભક્તને જ્યારે પોતાનું કંઈજ નથી તેવો દૃઢ નિશ્ચય છે ત્યારે હવે કોઈ જ સંબંધ કે પદાર્થ માટે રાગ-દ્વેષ કરવાપણું રહેતું નથી. રાગ-દ્વેષ જ બંધ-પરિભ્રમણનું કારણ છે. રાગરહિત અવસ્થામાં પૂર્વકર્મ ભોગવતાં તેમાં હર્ષ-શોક ન કરતાં, પૂર્વકર્મથી નિવૃત્ત થવાથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. આજ્ઞાને આધીન રહીને જીવન જીવતો હોવાથી ભક્ત નવા કર્મ બાંધતો નથી. ભોગવવા જેવું કોઈ જ કર્મ બાકી રહેતું નથી ત્યારે દેહનો પણ સંયોગ સર્વથા છૂટી જાય છે અને જીવાત્મા મોક્ષપદમાં સ્થિત થાય છે.

જ્ઞાનમાર્ગ કે યોગમાર્ગથી મોક્ષની પ્રાપ્તિ માટે જે સાધક પુરુષાર્થ કરે છે તેણે પણ અંતમાં તો જ્ઞાનના અને યોગના સર્વ સાધનથી મુક્ત થઈને (ત્યાગીને) જે આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે (પ્રગટ થયું છે) તેમાં તદાકાર થવું પડે છે અને તે તદાકાર અવસ્થા માટે નિજ સ્વરૂપ-સ્વઆત્મ-તત્ત્વ સાથે જોડાવું પડે છે. આ જોડાવું તે ભક્તિ છે. (અહીં સ્વરૂપ ભક્તિ છે.) ત્રણે માર્ગ મોક્ષના જ છે અને સાધકે જ્ઞાન, યોગ કે ભક્તિનો સાધનપણે ઉપયોગ કરી, સ્વરૂપનું (સ્વ સ્વરૂપનું) શરણું સ્વીકારી તેમાંજ તન્મય થવાથી છેવટની દશા (મોક્ષદશા) પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં સત્‌દેવ - ગુરુ - ધર્મનું અવલંબન લેવું પડે છે અને જ્યારે નિજ સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય છે અને તેમાં જ નિરંતર ઉપયોગ પ્રવર્તે છે ત્યારે ત્રણેય અવલંબન આપોઆપ છૂટી જાય છે- છોડવાપણું રહેતું નથી.

જ્ઞાનમાર્ગ અને યોગમાર્ગમાં સાધક સાવધાન ન હોય તો યશ, માન, કીર્તિના ઘોડાપૂરમાં તણાઈ જાય છે અને પતન થાય છે. ભક્તિમાર્ગમાં પહેલી શરત જ સમર્પણની હોવાથી આ ભયસ્થાન નથી. માટે ભક્તિને સર્વોત્કૃષ્ટ માર્ગ જ્ઞાનીઓ કહે છે. વળી, ભક્તિ થકી ભક્તહૃદયમાં લઘુતા, ઋજુતા અને દયાભાવ વર્ધમાન થતાં જાય છે, જેથી તેને માન-અપમાન કે અહંકાર જેવા દોષો સ્પર્શતા નથી.

## ગુરુદેવશ્રીને...

ઘરઘરમાં જ્ઞાનગંગા, વહી રહી છે આપની,
આત્માની અનુપમ ઓળખની, વાણી વહે છે આપની;
વર્ષાઋતુમાં મેઘવર્ષા થાય કે ન પણ થાય,
નિરંતર પુનિત અમૃતવાણી, વહેતી રહે છે આપની.

ભવ્યજીવોને ભીંજવે છે, સ્નેહ સરવાણી આપની,
મહત્ પુણ્યના ઉદયથી મળી છે, અપૂર્વવાણી આપની;
ભાગ્ય એવું સદાયે રહો, વાણી સાંભળીએ આપની,
અમ જીવોની છે અંતરઇચ્છા, કૃપા રહો બસ આપની.

આપને જોયા પછી, નજર બીજે ઠરતી નથી,
આપની ઉપમા માટે, કોઈ વસ્તુ જડતી નથી;
આપના શરણ જેવી શાંતિ, ક્યાંય મળતી નથી,
"પરમ સત્સંગ સદા રહો", એ ભાવના મટતી નથી.

**- પૂર્ણિમાબેન શાહ**

# કરોડોની મિલકત કોડીની થતા વાર નહિ લાગે !

**રવિલાલ કુંવરજી વોરા**

સવારના પહોરમાં આપણે પક્ષીઓનો કલરવ સાંભળ્યો હશે. વનવગડામાં રંગબેરંગી પતંગિયાઓને એક પુષ્પ પરથી બીજા પુષ્પ પર બેસતાં જોયાં હશે. ત્યારે આપણને એમ લાગે છે કે આ પક્ષીઓ, આ પતંગિયાઓ, આ તિર્યંચો, આપણા કરતા અનેક ગણા સુખી છે. જ્યારે માનવનો બાળક બે-ત્રણ વરસનો થાય એટલે એના કુમળા મગજ ઉપર અભ્યાસના બોજાનો ઢગલો લાદવામાં આવે છે. માનવને સવારથી સાંજ સુધી જોતરાવું પડે છે, શ્રમ કરવો પડે છે ત્યારે ઘરમાં ચૂલો પેટે છે. ક્યારેક મનમાં એવો વિચાર આવે છે કે આપણે પક્ષી કે પતંગિયું હોત તો કેવું સારું થાત, ન કોઈ ટેન્શન, ન કોઈ શ્રમ ! ખાવું, પીવું, હરવું, ફરવું અને ઊડવું. આ થઈ પાસાની એક બાજુ. પાસાની બીજી બાજુનો વિચાર આપણે કર્યો છે ?

માનવ એક આસન ઉપર બેસી ભોજનક્રિયા કરે છે. તેને ક્યારેય પણ જમતી વેળા ભય લાગતો નથી. એના નયનો કોઈ શત્રુની નિગરાની કરતા નથી હોતા પરંતુ ભોજન ઉપર ટકી રહ્યા હોય છે. ત્યારે નાના પશુ-પક્ષીઓ કે તિર્યંચોની ભોજન-ક્રિયામાં હંમેશાં ભય સમાયેલો હોય છે. એમની આંખો, આસપાસ કોઈ શત્રુ નથી એ જોવામાં પડી હોય છે. એટલે કે તિર્યંચોની ભોજનક્રિયા ભયસહિત હોય છે, જ્યારે માનવની ભોજનક્રિયા ભયરહિત હોય છે. આ છે માનવ અને મૂંગા પ્રાણીઓનો ભોજનનો ફરક.

અતિવૃષ્ટિ, સુનામી, ધરતીકંપ કે વાવાઝોડામાં તિર્યંચો ભૂખ્યાં-તરસ્યાં મરી જાય છે. એમના માથા ઉપર માનવ જેવું છત્ર હોતું નથી. તિર્યંચોને આખી જિંદગી ખોરાક અને પાણીની શોધમાં ભટકવું પડે છે. એમની જિંદગીમાં શાંતિ હોતી નથી. શાંતિ અને સુખની પળો આપણને એમના સવારના કલરવમાં દેખાય છે.

તિર્યંચો કે મૂંગા પક્ષીઓ કે પ્રાણીઓની રક્ષા ખાતર માનવી જીવદયાની પ્રવૃત્તિઓ ચલાવે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા માનવ પુણ્યકર્મ કમાવવા આછો પ્રયાસ કરે છે, જેથી એને તિર્યંચના ભવના દુઃખો વેઠવાં ન પડે. આ જીવદયાની માનવની પ્રવૃત્તિ અને સંસ્કારો માનવને મહામાનવ બનાવે છે. આજે આપણે જોઈએ છીએ કે અમુક કમનસીબ માનવો રોડ ઉપર જન્મે છે અને રોડ ઉપર મૃત્યુ પામે છે. કોઈ માનવ અપંગ જન્મે છે. કોઈ નાના બાળકો કેન્સર જેવા રોગથી પીડાતા હોય છે. જગતમાં ક્યાંય ને ક્યાંય કુદરતી હોનારતો થતી હોય છે; જેના ઉપર માનવનો કોઈ કાબૂ હોતો નથી. માનવ કુદરત સામે નિઃસહાય બની જાય છે. માનવ ફક્ત જીવદયાના કાર્યોથી થોડે ઘણે અંશે તેમાં સફળતા મેળવી શકે છે. દા.ત. આજે મુંબઈ જેવી નગરીમાં પુણ્ય કરતા પાપનું પલ્લુ વધારે ઢળતું દેખાય છે. છતાં પણ મુંબઈ જેવી નગરી જૈન, હિંદુ વગેરે સાધુ-સંતોના પાવન પગલાથી અને જૈન-અજૈન લોકોની જીવદયાની પ્રવૃત્તિઓના કારણે ટકી જવા પામી છે. જીવદયાની પ્રવૃત્તિઓમાં ક્યારેય પણ ઓટ આવવી ન જોઈએ. જો ક્યારેય જીવદયાની પ્રવૃત્તિઓમાં ઓટ આવશે ત્યારે કુદરતની એક થપાટથી બધું નષ્ટ થઈ જશે. એવી રીતે આ ધરતી ઉપર અનેક સંસ્કૃતિઓ લુપ્ત થઈ ગઈ છે. કરોડોની મિલકત કોડીની થઈ જતાં વાર નહિ લાગે ! ભલે પછી જીવદયાની પ્રવૃત્તિઓની ઓટ માનવ પ્રત્યેની હોય કે મૂંગા પશુપક્ષીઓ પ્રત્યેની !

# पाँच इन्द्रिय और मन को वश में करना ही संयम है।

बा. ब्र. पवन जैन, बा. ब्र. कमल जैन
( जैन उदासीन आश्रम, ईसरी )

सच्चे सुख के इच्छुक व्यक्ति क्रोध, मान, माया, लोभ पर विजय प्राप्त करते हैं। शरीर, जिह्वा, नासिका, नेत्र, कान इन पाँचों इन्द्रियों को वश में करते हैं। तथा जीवों पर दया, सत्य वचनों का प्रयोग, बिना दिये किसी की वस्तु का नहीं लेना, पर की माता बहिन को माता बहिन की दृष्टि से देखना, परिग्रह का त्याग करना संयम कहलाता है। जो यम (मृत्यु) पर विजय प्राप्त करा दे उसका नाम है संयम। व्यक्ति के चरणों की पूजा होती है, मस्तक की नहीं क्योंकि आचरण प्रधान है। जिस प्रकार गाड़ी में ब्रेक, घोड़े में लगाम, हाथी को अंकुश, ऊँट को नकील की जरूरत होती है, उसी प्रकार मनुष्य के जीवन में संयम की जरुरत होती है। संयम तीन गति ८३ लाख ९९ हजार ९९९ योनियों में दुर्लभ है। लोग कहते हैं कि संयम तो बंधन है पर संयम का बंधन भव-भव के बंधन को काटने वाला है, इसलिए अभिनन्दन के योग्य है। पूर्व में बांधे अशुभ कर्मो का अत्यंत मंद उदय होने से मनुष्य जन्म, उत्तम देश, उत्तम कुल, उत्तम जाति, इन्द्रियों की परिपूर्णता, नीरोगता, कषायों की मंदता, उत्तम संगति, आत्म हितकारी शास्त्र का सेवन, सच्चे गुरूओं का संयोग आदि दुर्लभ सामग्री का संयोग होने पर संसार, देह, भोगों से अति विरक्तता के धारक मनुष्यों के संयम होता है। विषयों का सुख नहीं, सुखाभास है, क्षणभंगुर है। नरकों के घोर दु:खों की प्राप्ति का कारण है, किंपाक फल के समान जिह्वा का स्पर्शन मात्र ही मीठा लगता है बाद में घोर दु:ख, महा दाह, संताप देकर मरण को प्राप्त कराता हैं, उसी प्रकार भोगमें भी किंचित्काल मात्र को अज्ञानी जीवों को भ्रम से सुख जैसा लगता है, जैसे कुत्ता हड्डी चबाता है तो उसे लगता है कि इस हड्डी में से खून आ रहा पर जब डाड़ ज्यादा कट जाती है तो दु:खी होता है। उसी प्रकार अज्ञानी प्राणी मानता है कि सुख विषयों में है किन्तु उसे पता नहीं कि सुख तो आत्मा का गुण है, वह उसमें हमेशा रहता है। वह शरीर को ही आत्मा मानता है अत: शरीर के सुखी दु:खी होने पर अपने को सुखी दु:खी मानता है। पर जब कोई मर जाता है तब अवश्य कहता है कि वे नहीं रहे अर्थात्, यह शरीर अलग हैं और इसके अंदर रहनेवाली आत्मा अलग थी। यदि ऐसा विवेक जीते जी हो जाय तो जो शरीर में अत्यन्त आसक्ति है और जिसके कारण हिंसक वस्त्रों को पहनना चाहता है, दूसरे जीवों के शरीर से बने चमड़े के बेल्ट, जूते, मछली आदि को मार कर तैयार किये जाने वाले इत्र, छिपकली आदि की पूँछ का जिसमें उपयोग होता है ऐसे गुटखे, अनेक प्रकार के हिंसक साबुन, सैम्पू, मंजन, लिपस्टिक, मदिरा, मांस, रात्रिभोजन आदि का सेवन नहीं करें। मनुष्य जीवन की सार्थकता अपने आपको अनुशासित करने से ही हो सकती है क्योंकि नीतिकारों ने कहा है कि भोजन पशु भी करता है, मनुष्य भी करता है, नींद पशु भी लेता

है, मनुष्य भी लेता है, भयभीत मनुष्य भी होता है, पशु भी होता है, किन्तु मनुष्य के पास विवेक होता है कि वह कब खाये, कितना खाये, क्या खाये । यदि वह कुछ भी, कभी भी खाने को तैयार हो जाता है तो विवेक हीन होने से पशु से भी गया बीता है । मनुष्य को विचार करना चाहिये कि जब हाथी मात्र स्पर्शन इन्द्रिय के वशीभूत होने से गड्ढे में गिर जाता है और मनुष्य के वशीभूत हो जीवन भर अंकुश की मार खाता है । मछली रसना के वशीभूत हो कण्ठ में काटा छिद जाने से तड़फा-तड़फा कर मारी जाती है । नासिका के वशीभूत भौरा कमल में बन्द होकर अपने प्राण गँवाता है । नेत्र के अधीन पतंगा दीपक में जल जाता है । कर्ण इन्द्रिय के वशीभूत साँप संगीत की ध्वनि में मस्त हो जाता है और सपेरों द्वारा पकड़ा जाकर जीवन भर पिटारे में बन्द रहता है तथा हरिन शिकारी के द्वारा मारा जाता है । तब जो मनुष्य पांचों इन्द्रियों के वशीभूत है उन मनुष्यों की दुर्गति निश्चित है । सांसारिक सुख पर पदार्थ के अवलम्बन से होता है, जबकि आनन्द स्वाधीनता में रहता है । सांसारिक सुख तीन प्रकार का है । (१) विषय सुख शहद लपेटी तलवारकी तरह । (२) देवों का सुख दग्ध चन्दन की तरह । (३) चक्रवर्ती का सुख विषमिश्रित अन्न की तरह । सिद्धों का सुख संयमी को मिलता है, जो कि आकुलता रहित होता है ।

## जैन तत्त्व परिचय

**- पूज्य आचार्य १०८ श्री कनकनन्दी महाराज**

पञ्चपरमेष्ठी प्यारा है, जगमें सबसे न्यारा है ।
अनेकान्त सिद्धान्त प्यारा है, समस्या समाधान सारा हैं ।
पञ्च अणुव्रत प्यारा है, वैश्विक कानून सारा है ।
पञ्च महाव्रत प्यारा है, मुक्ति का सहारा है ।
पञ्च समिति प्यारा है, नैतिकाचार सारा है ।
उत्तम दशधर्म प्यारा है, वैश्विक धर्म सारा है ।
चौदह गुणस्थान द्वारा है, आत्म सोपान सारा है ।
सप्तव्यसन सारा है, प्रमुख पतन द्वारा है ।
प्रथम अनुयोग प्यारा है, विश्व इतिहास सारा है ।
करण अनुयोग प्यारा है, गणितीय वर्णन सारा है ।
चरण अनुयोग प्यारा है, चारित्र वर्णन सारा है ।
द्रव्य के अनुयोग प्यारा है, वैश्विक व्यवस्था सारा है ।
सम्यक् दर्शन प्यारा है, आत्म(सत्य)दर्शन के द्वारा है ।
सम्यक् ज्ञान प्यारा है, सत्य ज्ञान के द्वारा है ।
सम्यक् चारित्र प्यारा है, पवित्र आचरण द्वारा है ।
जीव द्रव्य सबसे न्यारा है, सच्चिदानन्द प्यारा है ।
पुद्गल द्रव्य भी न्यारा है, वैश्विक रचना सारा है ।
धर्मद्रव्य भी न्यारा है, सर्वगति में सहारा है ।
अधर्मद्रव्य भी न्यारा है, सर्वस्थिति में सहारा है ।
आकाश द्रव्य भी न्यारा है, सर्व अवकाश में सहारा है ।
काल द्रव्य भी न्यारा है, परिणमन में सहारा है ।
आस्रव बन्ध के द्वारा है, संसार भ्रमण सारा है ।
संवर निर्जरा द्वारा है, भवनाश के सहारा है ।
पाप पदार्थ द्वारा है, संसार दुःख सारा है ।
पुण्य पदार्थ द्वारा है, संसार सुख सारा है ।
सर्व कर्म नष्ट द्वारा है, मोक्ष तत्त्व मिले सारा है ।
मोक्ष तत्त्व के द्वारा है, आत्मसुख मिले सारा है ।
जैन धर्म का नारा है, वैश्विक शान्ति सारा है ।

## અંજનાસુંદરી

આદિત્ય નામના નગરને વિષે પ્રહ્‌લાદ નામે વિદ્યાધર રાજા રાજ કરતો હતો. તેને કેતુમતી નામની પત્નીની કુક્ષિએ પવનજય નામે પુત્ર થયો. તે બહુ વિદ્યાસાધક હતો.

માહેંદ્રપુર નગરમાં તે વખતે મહેન્દ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને હૃદયસુંદરી રાણીની કુક્ષિથી અંજનાસુંદરી નામે પુત્રી થઈ. અનુક્રમે વૃદ્ધિ પામી તે યૌવનાવસ્થાને પામી, ત્યારે તેણીને મહોત્સવપૂર્વક પવનજયકુમાર સાથે પરણાવી; પણ પવનજયે કંઈ ગર્વના કારણથી તે મહાસતીની મનથી પણ સારસંભાળ ન કરી; તો વચન કે કાયાના વિષયની તો વાત જ શી કરવી ? આમ થવાથી અંજનાસુંદરી તો દુઃખે કાળ નિર્ગમન કરવા લાગી.

એવામાં એકદા રાવણનો દૂત પ્રહ્‌લાદ રાજાને કહેવા લાગ્યો, "વરૂણની સામે યુદ્ધ કરવા જવાનું છે. માટે મારા સ્વામી તમને બોલાવે છે." પવનજય યુદ્ધ માટે ઉત્સુક થયો. માતાને ભક્તિ સહિત વંદન કર્યાં; પણ પોતાને પાયે પડેલી અર્ધાંગનાની તેણે અવજ્ઞા જ કરી. પછી પવનજય તો સૈન્ય સહિત આકાશમાર્ગે ચાલ્યો. તે એક સરોવરે પહોંચ્યો; ત્યાં રાત્રિને વિષે ચક્રવાકથી વિયોગ પામેલી ચક્રવાદી રુદન કરતી હતી; તે જોઈને પોતાની પત્ની સ્મરણમાં આવી. તે જ વખતે પોતાની પત્ની પાસે આવીને તેણીને સુખી કરી. પ્રભાતે પતિ પાછો વળ્યો, ત્યારે અંજનાસુંદરીએ કહ્યું, "આપ અહીં આવી ગયા છો અને જો મારે ગર્ભ રહ્યો હશે, તો હું શો ઉત્તર આપીશ ?" ત્યારે તેણીને નિશાનીને અર્થે પોતાની મુદ્રિકા આપીને કહ્યું, "તું ભય રાખીશ નહીં; હું વૈરીને જીતીને પાછો આવું, ત્યાં સુધી સુખમાં રહેજે." એમ કહીને ત્યાંથી પ્રયાણ કર્યું.

હવે અહીં અંજનાસુંદરીને રહેલો ગર્ભ તે વૃદ્ધિ પામ્યો. તે જોઈ તેણીની સાસુએ તેણીનો તિરસ્કાર કરીને કહ્યું, "હે દુષ્ટ ! આ કુળને વિષે કલંક લગાવનાર ઉદરવૃદ્ધિ સ્વરૂપ વિષે તું શું કહે છે ? કારણ કે તારો પતિ તો દેશાંતર ગયો છે." તે સાંભળીને સતી અંજનાએ પતિએ આપેલી મુદ્રિકા બતાવી તેનાથી ગર્ભ રહ્યો છે, એ વાત કહી બતાવી. ત્યારે તો સાસુએ કર્કશ વચનો કહી, પોતાના પતિને એ વાત નિવેદન કરી તેણીને એક રથમાં બેસાડી માહેન્દ્રપુર મોકલાવી દીધી. તે તો બિચારી પિતાને ત્યાં ગઈ. પણ પિતાએ તેને દોષિત જાણી રાખી નહીં, પરંતુ એક વસંતતિલકા દાસી સહિત એને બહાર કાઢી મૂકી, એટલે તે અરણ્યને વિષે દુઃખમાં દિવસો કાઢવા લાગી.

ત્યાં રહેતાં રહેતાં તેણીએ એકદા એક તપસ્વી મુનિને જોયા. તેમને વંદન કરી ધર્મોપદેશ શ્રવણ કર્યો. પછી તેણીએ પ્રેરેલી દાસીએ પૂછ્યું, "હે મુનિ ! આ અંજનાસુંદરીએ એવું શું કર્મ કર્યું હશે, કે જેથી તેણીને આવું કલંક લાગ્યું ?" મુનિએ કહ્યું, "દેવલોકથી એક દેવ ચ્યવીને તેણીને કુક્ષિને વિષે અવતર્યો છે. તે જન્મ પામીને આ જ ભવે મોક્ષને પ્રાપ્ત કરશે. વળી સાંભળ, પૂર્વે કોઈ નગરને વિષે કનકરથ નામના રાજાને લક્ષ્મીવતી અને કનકોદરી નામે બે સ્ત્રીઓ હતી. લક્ષ્મીવતી અરિહંતની પરમ ભક્ત હતી. એકદા તેણીએ ભગવંતની પૂજા કરીને મૂકેલી અરિહંતની પ્રતિમાને કનકોદરીએ હરી લઈને ગુપ્ત સ્થાને મૂકી. પ્રતિમા ગુમ થયેલી જાણીને


લક્ષ્મીવતી તો બહુ ખિન્ન થઈ પણ એટલામાં કનકોદરીએ સાધ્વી પાસે પ્રતિમા હરણનું પાપ સાંભળીને પાછી તેને પૂર્વને સ્થાને મૂકી દીધી. પ્રાંતે ધર્મનો બોધ થવાથી તે મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવી થઈ. ત્યાંથી ચ્યવીને એ કનકોદરી આ તારી સખી અંજનાસુંદરી થઈ. પૂર્વ ભવમાં પ્રતિમાહરણ કરવાના પાપને લીધે તેણીને આવું દુઃખ ભોગવવું પડ્યું છે, પણ હવે તેનું કર્મ ઘણું ખરું ભોગવાઈ રહ્યું છે તો હવે વધારે પુણ્યકાર્ય કરે.'' તે સાંભળીને અંજનાસુંદરી વિશેષ ધર્મકાર્ય કરવા લાગી.

આમ રહેતાં રહેતાં અનુક્રમે તેણીને ગુફાને વિશે પ્રસવ થયો. તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. આવે વખતે તે રુદન કરવા લાગી. તે સાંભળીને પ્રતિસૂર્ય નામનો વિદ્યાધર ત્યાં આવ્યો. તેણે તેણીને પોતાની ભગિની સમાન ગણીને તેણીને તથા નવા જન્મેલા બાળકને વિમાનમાં બેસાડી પોતાની સાથે લઈ ગયો. એવામાં માતાના ખોળામાંથી પુત્ર પડી ગયો. તે પુત્ર એક પર્વતના શિખર ઉપર પડ્યો, ને પડીને તે શિખરને ચૂર્ણ કરી નાખ્યું. પછી પ્રતિસૂર્યે વેગથી બાળકને લઈ આવી સાજું તાજું તેની માતાને સોંપ્યું. પછી તે પોતાના હનુરૂહ નગરે લઈ ગયો, ને જન્મોત્સવ કર્યો. હનુરૂહ ઉપરથી તેનું નામ હનુમાન એવું નામ પાડ્યું. એ રીતે હનુમાન મામાને ઘેર વૃદ્ધિ પામવા લાગ્યો.

યુદ્ધ કરીને પવનજય પોતાને નગર પાછો આવ્યો. ત્યાં તેને પોતાની પત્નીને કાઢી મૂક્યાની ખબર પડી, તેથી તે શ્વસુરને નગરે ગયો; ત્યાં પણ તેણી ન હોવાથી તે વનેવન ભમવા લાગ્યો. પણ તે ન મળવાથી બહુ શોકાતુર થયો. તે વખતે મિત્રે ઉપહાસ કર્યો. ત્યારે પવનકુમારે કહ્યું, ''હે મિત્ર ! જો એ સ્ત્રી મને નહીં મળે તો મારું મૃત્યુ થશે.'' આ વાત તે મિત્રે પ્રહ્‌લાદ રાજાને જણાવી. તે સાંભળી દુઃખી થયેલો પ્રહલાદ રાજા વિદ્યાધરોની સાથે અંજનાસુંદરીની શોધમાં ગયો. ભમતાં ભમતાં અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થયેલા પોતાના પુત્રને જોઈને કહ્યું, ''હે પુત્ર ! આમ બાળક જેવો થઈ તું મરણને શરણ થા નહીં. એવું મરણ દુર્ગતિએ લઈ જાય છે. કહ્યું કે - ગળાના વિષે પાશ નાખીને; વિષ ખાઈને, જળ કે અગ્નિમાં પ્રવેશ કરીને મૃત્યુ પામનારા જનો નરકગતિ પામે છે.'' એવામાં પવનજય પ્રિયાના વિયોગથી દુઃખી થઈ અગ્નિપ્રવેશ કરે છે એવું સાંભળીને પ્રતિસૂર્ય વિદ્યાધર અંજનાસુંદરી સહિત ત્યાં આવી પહોંચ્યો. તેમને જોઈ સર્વ હર્ષ પામ્યા. પ્રતિસૂર્યના આગ્રહથી પ્રહ્‌લાદ, પવનજય આદિ રાજાઓ હનુરૂહ નગરે ગયા. પવનજય તો પોતાના પુત્ર સહિત ત્યાંજ રહ્યો. હનુમાને બહુ વિદ્યાઓ સંપાદન કરી. એકદા વરૂણના સંગ્રામને વિષે હનુમાનનું બળ જોઈને રાવણે પણ સંતુષ્ટ થઈ તેની પ્રશંસા કરી. પછી પવનજય પોતાની સ્ત્રી તથા પુત્રને લઈને પોતાને નગરે આવ્યો. આ વખતે સીતાનું હરણ થયું હતું તેથી હનુમાન જઈને રામને મળ્યા, ને સીતાને લઈ આવવા માટે રામને કહેવા લાગ્યા, ''હે દેવ ! હું શું કરું ? કહો તો લંકાનેજ ઉપાડીને લાવું; કહો તો જંબુદ્વીપને લઈ આવું; કહો તો વિંધ્યાચળને સુવર્ણપર્વતના શિખરને ઉપાડીને સમુદ્રને વિષે ફેંકી દઉં. આપ કહો તેમ કરું.'' આ પ્રમાણ હનુમાને રામને બહુ બહુ કહ્યું. રાવણ સાથેના યુદ્ધમાં રામને હનુમાનજી પૂર્ણ સહકાર આપે છે.

પછી પવનજયે પુત્ર હનુમાનને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી પોતે મુક્તિપદ વર્યા. અંજનાસુંદરીએ પણ વ્રતો અંગીકાર કર્યાં. અનુક્રમે હનુમાનજીએ પણ ચિરકાળ પૃથ્વીનું પાલન કરી પોતાના પુત્રોને રાજ્ય સોંપી, મહાવ્રત અંગીકાર કરીને કેવળજ્ઞાન સંપાદન કરીને મોક્ષ પામ્યા.

• • •



II Shri Param Krupalu Devay Namah II

YUVATIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## Wise Words from Dad to Son or Daughter

Dear Son,

Remember the following as you go through life:

1. Do not bear grudge towards those who are not good to you. No one has the responsibility of treating you well, except your mother and I.

To those who are good to you, you have to treasure it and be thankful, and also you have to be cautious, because, everyone has a motive for every move. When a person is good to you, it does not mean he really likes you. You have to be careful; don't hastily regard him as a real friend.

2. No one is indispensable; nothing is there in this world that you must possess. Once you understand this idea, it would be easier for you to go through life when people around you don't want you anymore, or when you lose what/who you love most.

3. Life is short. When you waste your life today, tomorrow you would find that life is leaving you. The earlier you treasure your life, the better you enjoy life.

4. Love is but a transient feeling, and this feeling would fade with time and with one's mood. If your so called loved one leaves you, be patient, time will wash away your aches and sadness. Don't over exaggerate the beauty and sweetness of love, and don't over exaggerate the sadness of falling out of love.

5. A lot of successful people did not receive a good education, that does not mean that you can be successful by not studying hard!

Whatever knowledge you gain is your weapon in life. One can go from rags to riches, but one has to start from some rags!

6. I do not expect you to financially support me when I am old, neither would I financially support your whole life. My responsibility as a supporter ends when you are grown up. After that, you decide whether you want to travel in a public transport or in your limousine, whether rich or poor.

7. You honor your words, but don't expect others to be so. You can be good to people, but don't expect people to be good to you. If you don't understand this, you would end up with unnecessary troubles.

8. I have bought lotteries for umpteen years, but I never strike any prize. That shows if you want to be rich, you have to work hard! There is no free lunch!

9. No matter how much time I have with you, let's treasure the time we have together. We do not know if we would meet again in our next life.

With Love,

Your Dad

## THINGS ARE NOT AS THEY SEEM

Two traveling angels stopped to spend the night in the home of a wealthy family. The family was rude and refused to let the angels stay in the mansion's guest room. Instead the angels were given a small space in the cold basement. As they made their bed on the hard floor, the older angel saw a hole in the wall and repaired it. When the younger angel asked why, the older angel replied, 'Things aren't always what they seem.' The next night the pair came to rest at the house of a very poor, but very hospitable farmer and his wife. After sharing what little food they had the couple let the angels sleep in their bed where they could have a good night's rest. When the sun came up the next morning the angels found the farmer and his wife in tears Their only cow, whose milk had been their sole income, lay dead in the field.

The younger angel was infuriated and asked the older angel how could you have let this happen? The first man had everything, yet you helped him, she accused. The second family had little but was willing to share everything, and you let the cow die. 'Things aren't always what they seem,' the older angel replied.

'When we stayed in the basement of the mansion, I noticed there was gold stored in that hole in the wall. Since the owner was so obsessed with greed and unwilling to share his good fortune, I sealed the wall so he wouldn't find it.' 'Then last night as we slept in the farmer's bed, the angel of death came for his wife. I gave him the cow instead. Things aren't always what they seem. Sometimes that is exactly what happens when things don't turn out the way they should. If you have faith, you just need to trust that every outcome is always to your advantage. You just might not know it until sometime later.

## આપણે આટલું કરીએ !

અનંત ભવચક્રમાં કોણ જાણે કયા સ્વરૂપે અને કેટલીયે વાર આપણે એકબીજાને મળ્યા હશું અને આવેગો અને આવેશોને લીધે એકબીજા સાથે લડ્યા હશું.

ભૂતકાળને એકવાર ભૂલી જઈએ. તો પણ વર્તમાનકાળમાં પણ... ક્યારેક તનથી, ક્યારેક મનથી, ક્યારેક વચનથી, ક્યારેક કષાયથી, ક્યારેક વિષયથી, ક્યારેક રાગથી, ક્યારેક દ્વેષથી, કોઈના કમળથી પણ કોમળ એવા અંતઃકરણને દુઃખ પહોંચાડ્યું હોય તો ખરા અંતઃકરણથી તે જીવોની ક્ષમા માગીએ.

**- પંન્યાસશ્રી મહાબોધિવિજયજી મહારાજ**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| નં. | તારીખ | વાર | વિગત |
|---|---|---|---|
| (૧) | ૨૧-૬-૧૨, અષાઢ સુદ બીજ | ગુરુવાર | શ્રી જિનમંદિર નૂતન ધ્વજારોહણ દિન |
| (૨) | ૧-૭-૧૨થી ૩-૭-૧૨ | રવિવાર થી મંગળવાર | શ્રી ગુરુપૂર્ણિમા શિબિર |
| (૩) | ૧૨-૯-૧૨ થી ૧૯-૯-૧૨ | બુધવાર થી બુધવાર | શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના |
| (૪) | ૩૦-૧૦-૧૨, આસો વદ એકમ | મંગળવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન |
| (૫) | ૧૧-૧૧-૧૨ થી ૧૪-૧૧-૧૨ | રવિવાર થી બુધવાર | શ્રી દીપાવલી આરાધના શિબિર |
| (૬) | ૧૫-૧૧-૧૨ થી ૧૭-૧૧-૧૨ | ગુરુવાર થી શનિવાર | જીવનવિકાસલક્ષી યુવાશિબિર |
| (૭) | ૧૮-૧૧-૧૨ | રવિવાર | શ્રી જ્ઞાનપંચમી |
| (૮) | ૨૮-૧૧-૧૨, કારતક સુદ પૂનમ | બુધવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતી |
| (૯) | ૩૦-૧૧-૧૨ થી ૨-૧૨-૧૨ | શુક્રવાર થી રવિવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

ઉપરોક્ત કાર્યક્રમોમાં પધારવા સૌને ભાવભર્યું નિમંત્રણ છે.

## મુમુક્ષુ આવાસ યોજના

સહર્ષ જણાવવાનું કે મુમુક્ષુઓની સંસ્થામાં રહીને આગળની સાધનાની ભાવના વર્ધમાન થાય તે હેતુથી સંસ્થાએ મુમુક્ષુઓના આવાસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને એક આવાસયોજનાનું આયોજન કર્યું છે. અંદાજે ૪૦૦ સ્કે.ફીટનો એરિયા રહેશે; જેમાં બે રૂમો (સંડાસ + બાથરૂમ સાથેની Self containt & pantry) રહેશે. ગ્રાઉન્ડ + બે માળ (લિફ્ટ સાથે)નું મકાન રહેશે; જે સંસ્થાના વર્તમાન આવાસ યોજનાના નિયમ અનુસાર મુમુક્ષુ સાધકોને ફાળવવામાં આવશે. આ યોજનામાં કુલ ૧૮ ફ્લેટ્સ બનવાના છે; જેમાંથી ૧૨ નામ અત્યાર સુધીમાં નોંધાઈ ગયા છે. જે સાધકોને આ યોજનામાં પોતાનું નામ લખાવવું હોય અથવા વધારે જાણકારી જોઈતી હોય તો તેઓ સંસ્થાની કાર્યવાહક સમિતિના

સભ્યશ્રી અરૂણભાઈ બગડિયા અથવા શ્રી શરદભાઈ જસવાણીનો સંપર્ક કરે. અથવા સંસ્થાના કાર્યાલયમાં મેનેજર શ્રી પીયૂષભાઈનો સંપર્ક કરે. આ યોજના લગભગ દોઢથી બે વર્ષમાં સંપન્ન થશે.

## સંસ્થાના મેડિકલ સેન્ટરના નિભાવ માટે આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના મેડિકલ સેન્ટરના નિભાવખર્ચને પહોંચી વળવા માટે નીચેના દાનવીર મહાનુભાવોનો આર્થિક સહયોગ સાંપડ્યો છે; જે બદલ સંસ્થા નીચેના દાતાઓને સાભાર ધન્યવાદ પાઠવે છે.

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રી દિનેશભાઈ સોમચંદ બાવીસી, રાજકોટ | રૂા. ૧૫,૦૦૦/- |
| (૨) | આદ. શ્રી વાડીલાલ ચુનીલાલ શાહ - (મઉ) હિંમતનગર | રૂા. ૮,૦૦૧/- |
| (૩) | આદ. શ્રી વસંતભાઈ શાંતિલાલ વખારિયા, મુંબઈ | રૂા. ૭,૫૦૦/- |

## ગુરુપૂર્ણિમાની શિબિરમાં પધારવા નિમંત્રણ

આપણી સંસ્થા દ્વારા તા. ૧-૭-૨૦૧૨ થી તા. ૩-૭-૨૦૧૨ દરમ્યાન ગુરુપૂર્ણિમાની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહની 'મૂળ મારગ સાંભળો...' પદના આધારે સ્વાધ્યાયશ્રેણી, પૂજ્યશ્રીના સ્વાધ્યાય, ભક્તિસંગીત જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં પધારવા સૌને હાર્દિક નિમંત્રણ છે. આપના આગમનની જાણ અઠવાડિયા અગાઉથી સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી છે.

## સંસ્થાની નૂતન વેબસાઈટ અને ઈ-મેઈલ

સંસ્થાની નવી વેબસાઈટ અને ઈ-મેઈલની સૌને નોંધ લેવા વિનંતી છે.

Website : www.shrimadkoba.org

E-mail : mail@shrimadkoba.org

હવે પછી સૌને આ ઈ-મેઈલ પર સંદેશ-વ્યવહાર કરવા વિનંતી. **તા. ૩૦ જૂનના થનાર પરીક્ષા 'પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ'નો અભ્યાસક્રમ પણ આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**

## સાભાર સ્વીકાર

**[૧]** જરૂરતમંદોને સહાયરૂપ થવાના હેતુસર આપણી સંસ્થા દ્વારા છાશકેન્દ્રો ચાલી રહ્યા છે. છાશકેન્દ્રોના નિભાવ માટે આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવોને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવવામાં આવે છે. પૂજ્યશ્રી સર્વ દાનવીર મહાનુભાવોને શુભાશીર્વાદ પાઠવે છે. છાશવિતરણની કાર્યવાહીમાં ગત અંકમાં ઉલ્લેખ કરેલ સેવાભાવી મહાનુભાવો ઉપરાંત નિષ્ઠાવાન કાર્યકર્તા આદ.શ્રી કેશુભાઈ ગૌસ્વામી (કેશુકાકા) તથા આદ.શ્રી મહેન્દ્રભાઈ જેતાવતનો પણ સુંદર સહયોગ સાંપડી રહ્યો છે; જે બદલ સંસ્થા તરફથી તેઓને ધન્યવાદ પાઠવીએ છીએ.

**[૨]** પૂજ્ય સ્વ. જિતાબાપજીની પ્રેરણાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ લક્ષ્મીપુરા મુમુક્ષુ મંડળ તરફથી સંસ્થાને ૧૭૦ મણ ઘઉં પ્રાપ્ત થયા છે. લક્ષ્મીપુરા મુમુક્ષુમંડળની સંસ્થા પ્રત્યે રહેલી સદ્ભાવનાને

બિરદાવી સંસ્થા તેમજ પૂજ્યશ્રી તરફથી અનેકશઃ ધન્યવાદ પાઠવવામાં આવે છે. આ ઉપરાંત આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં મુરબ્બી મુમુક્ષુ આદ.શ્રી કરસનકાકા તરફથી ૧૦ મણ ઘઉં, ઈસરવાડાના આદ.શ્રી રમીલાબેન કાનજીભાઈ તરફથી ૯ મણ ઘઉં, મોટાકોટડાના આદ.શ્રી જગુભાઈ ચૌધરી તરફથી ૧૦ મણ ઘઉં પ્રાપ્ત થયા છે; જેનો સંસ્થા ધન્યવાદ સહ સાભાર સ્વીકાર કરે છે.

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'નું એસ.એસ.સી.નું ૧૦૦% પરિણામ

આપણી સંસ્થા સંચાલિત ઉપરોક્ત ગુરુકુળનું ધો. ૧૦નું ૧૦૦% પરિણામ આવેલ છે; જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા | ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | લાખણોત્રા ભરત આર. | ૮૭.૪૦ | ૬ | રોકડ મિલન એસ. | ૬૮.૬૦ |
| ૨ | વાઘ બકુલ ડી. | ૮૦.૪૦ | ૭ | સોલંકી યશ એમ. | ૫૮.૬૦ |
| ૩ | ભાટી અજય કે. | ૭૪.૦૦ | ૮ | ચૌધરી સાવન જે. | ૫૮.૦૦ |
| ૪ | લાડુમોર જગદીશ જી. | ૭૨.૬૦ | ૯ | સેતા રાહુલ વી. | ૫૫.૦૦ |
| ૫ | શાહ મૌલિક જે. | ૭૦.૬૦ | ૧૦ | ચૌધરી પ્રતીક એચ. | ૫૩.૦૦ |

આ ઉપરાંત કોબા પરિવારના સદસ્ય આદ. ધર્મપ્રેમી **ડૉ. રાજેશભાઈ સોનેજીના સુપુત્રી ચિ. સોહિનીબેને** એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૬.૬૦ % (૪૮૩/૫૦૦) પ્રાપ્ત કરી ડૉ. સોનેજી પરિવારનું ગૌરવ વધાર્યું છે; જે બદલ સમસ્ત કોબા પરિવાર ચિ. સોહિનીબેનને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. એસ.એસ.સી.નું ગુરુકુળનું ૧૦૦% પરિણામ આવવા બદલ ઉપરોક્ત વિદ્યાર્થીઓ, ગૃહપતિ આદ.શ્રી નરેશભાઈ તથા ગુરુકુળ કમિટિને કોબા પરિવાર અભિનંદન પાઠવે છે.

## આપણી સંસ્થામાં બા.બ્ર.આદ.પવનભૈયા તથા બા.બ્ર.આદ.કમલભૈયાની સ્વાધ્યાયશ્રેણી સાનંદ-સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૧૭-૫-૨૦૧૨ થી તા. ૨-૬-૨૦૧૨ દરમ્યાન સિદ્ધાંતરત્ન, ન્યાયરત્ન બા.બ્ર.આદ.શ્રી પવનભૈયા તથા બા.બ્ર.આદ.શ્રી કમલભૈયાની સ્વાધ્યાયશ્રેણી સંપન્ન થઈ. ઉપરોક્ત સમય દરમ્યાન શ્રી અમૃતચંદ્રાચાર્ય વિરચિત શ્રી 'પુરુષાર્થસિદ્ધ્યુપાય', આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામી વિરચિત શ્રી 'સર્વાર્થસિદ્ધિ' અધ્યાય - ૯ (શ્રી તત્ત્વાર્થસૂત્રની ટીકા) તેમજ શ્રી કુંદકુંદાચાર્ય વિરચિત શ્રી 'રયણસાર'ના આધારે સ્વાધ્યાય યોજાયા હતા. આદ. પવનભૈયા તથા આદ. કમલભૈયાએ પોતાની આગવી સરળ છતાં સચોટ અને રસપ્રદ શૈલીમાં, ચારેય અનુયોગોનો સમન્વય કરીને મનનીય સ્વાધ્યાય આપ્યા હતા. સંસ્થાના મુમુક્ષુઓને મહાન આચાર્ય ભગવંતોની અનુભવવાણીનો આસ્વાદ ચખાડવા બદલ જૈન ઉદાસીન આશ્રમ, ઈસરી (ઝારખંડ)થી પધારેલા ઉપરોક્ત મહાનુભાવો પ્રત્યે સાભાર ધન્યવાદની લાગણી વ્યક્ત કરીએ છીએ. આ અગાઉ શ્રી દિગંબર જૈન રાયદેશ જ્ઞાન-ધ્યાન-શિક્ષા સમિતિ તરફથી શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગંબર જૈન ચિંતામણિ અતિશય ક્ષેત્ર (કિશનગઢ) મુકામે તા. ૧૧-૫-૨૦૧૨

થી તા. ૧૬-૫-૨૦૧૨ દરમ્યાન ઉપરોક્ત મહાનુભાવોની ૧૦મી સ્વાધ્યાય શિબિર યોજવામાં આવી હતી. આ ઉપરાંત આચાર્ય વિદ્યાસાગર તપોવન, તારંગા મુકામે તા. ૨૧-૫-૨૦૧૨ થી તા. ૩૧-૫-૨૦૧૨ દરમ્યાન યોજાયેલ ધાર્મિક શિક્ષણ શિબિર અંતર્ગત બા.બ્ર.કમલભૈયા તથા બા.બ્ર.પંકજભૈયાએ મનનીય સ્વાધ્યાય આપ્યા હતા. આપણી સંસ્થામાં ઉપરોક્ત મહાનુભાવો યોજાયેલ સ્વાધ્યાય શ્રેણીના અંશો નીચે મુજબ છે :

- નિશ્ચિત કાળ સુધી મન-વચન-કાયાથી સર્વ પાપનો ત્યાગ તેમજ સમતાભાવ રાખવાનો અભ્યાસ એટલે સામાયિક.
- જ્યાં સુધી અંતરમાં વિષય-કષાયના તરંગો ઊઠતાં રહે ત્યાં સુધી આત્મતત્ત્વમાં સ્થિરતા થતી નથી.
- વિષય, કષાય તથા આહારના ત્યાગને ઉપવાસ કહેવામાં આવે છે.
- વ્રતોની શુદ્ધિ માટે આલોચના - પ્રતિક્રમણ જરૂરી છે.
- ગૃહસ્થે અવિરુદ્ધ ભોગોનો તો અવશ્ય ત્યાગ કરવો જોઈએ તથા ઉચિત ભોગોપભોગની પણ મર્યાદા કરવી જોઈએ.
- તીર્થંકરને પ્રથમ આહારદાન આપનાર વ્યક્તિ નિશ્ચયથી મોક્ષે જાય છે.
- ઉત્તમ પાત્રને આપેલું દાન વડના બીજ સમાન છે અને તે સંસારનો નાશ કરનાર છે.
- રાગદ્વેષાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે ભાવહિંસા છે.
- સત્ + લેખના = સંલેખના. સમ્યક્પણે કષાય તેમજ શરીરને કૃશ કરવાં એટલે સંલેખના.
- સંવરપૂર્વકની નિર્જરા મોક્ષમાર્ગમાં કાર્યકારી છે.
- જેમ રોગી અરુચિપૂર્વક દવા લે છે, તેમ સમ્યક્દૃષ્ટિ અરુચિપૂર્વક અલ્પભોગ ભોગવીને તેનાથી છૂટવાની નિરંતર ભાવના ભાવે છે.
- સંસારના દુઃખોમાંથી બહાર કાઢી ઈષ્ટ સ્થાને સ્થાપિત કરે તેનું નામ ધર્મ. શરીર આદિના સ્વભાવનું વારંવાર ચિંતવન કરવું તેનું નામ અનુપ્રેક્ષા. કર્મનિર્જરા અર્થે ભૂખ, તરસ આદિ સહન કરવાં તે પરિષહજય. સમ્યક્ રીતે યોગોનો નિગ્રહ કરવો તે ગુપ્તિ.
- આયુષ્ય (કર્મ) રૂપી ભાડું પૂર્ણ થાય ત્યારે શરીરરૂપી મકાન ખાલી કરવું પડે છે.
- એક નિગોદ શરીરમાં સિદ્ધો કરતાં અનંત ગણા જીવો છે. જેવી રીતે રેતના સમુદ્રમાં વજ્રની કણિકા પ્રાપ્ત થવી દુર્લભ છે તેમ આ લોકમાં ત્રસપર્યાય (હાલીચાલી શકે તેવી પર્યાય) પ્રાપ્ત કરવી દુર્લભ છે. જેમ કૃતજ્ઞતાનો ગુણ પ્રાપ્ત થવો દુર્લભ છે, તેમ પંચેન્દ્રિય પર્યાય પ્રાપ્ત થવી દુર્લભ છે. તેમાં પણ તિર્યંચોની બહુલતા છે. ચાર રસ્તા પર રત્નરાશિ પ્રાપ્ત થવી દુર્લભ છે, તેમ પંચેન્દ્રિય મનુષ્યપર્યાય પ્રાપ્ત થવી દુર્લભ છે. જેવી રીતે બળી ગયેલા વૃક્ષોના પુદ્‌ગલોનું સ્વયં પુનઃ તે જ વૃક્ષ પર્યાયરૂપે ઉત્પન્ન થવું દુર્લભ છે, તેમ એક વાર મનુષ્યપર્યાય ચાલી ગયા પછી ફરી પ્રાપ્ત થવી

દુર્લભ છે. મનુષ્યપર્યાય મળે તો ઉત્તમ દેશ, ઉત્તમકુળ, ઈન્દ્રિયોની પૂર્ણતા તથા નીરોગી શરીરની પ્રાપ્તિ થવી ઉત્તરોત્તર દુર્લભ છે. આ બધું પ્રાપ્ત થવા છતાં સદ્ધર્મની પ્રાપ્તિ ન થાય તો મનુષ્યજન્મ વ્યર્થ જાય છે. અતિ કઠિનતાથી મળેલા સદ્‌ધર્મને પ્રાપ્ત કરીને જેઓ વિષયસુખમાં રમમાણ થાય છે તેઓ ભસ્મ (રાખ)ને પ્રાપ્ત કરવા ચંદનના લાકડાને બાળવા જેવું કાર્ય કરે છે. આ સંસારમાં રત્નત્રયની પ્રાપ્તિ થવી ખૂબ દુર્લભ છે.

- વિષય-કષાય જેમ વધુ તેમ જ્ઞાન પર આવરણ વધુ.
- બધા વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત પાળવું કઠિન છે, ઇન્દ્રિયોમાં રસના ઇન્દ્રિયને જીતવી કઠિન છે, ગુપ્તિઓમાં મનોગુપ્તિ કઠિન છે અને કર્મોમાં મોહનીય કર્મ જીતવું કઠિન છે.

## પૂનાના મુમુક્ષુઓ દ્વારા પૂજ્યશ્રીના વિશ્રામ તથા સાધના અર્થે આયોજિત કરેલ પંચગીનીનો પ્રવાસ સાનંદ સંપન્ન

આદરણીય ધર્મનિષ્ઠ મુમુક્ષુ ભાઈશ્રી પ્રતાપભાઈ / મંજુલાબેન મહેતા પરિવાર, આદ. શ્રી સુરેશભાઈ મહેતા પરિવાર, આદ. શ્રી નિર્મળાબેન રસિકભાઈ મહેતા પરિવાર તથા મુમુક્ષુ ભાઈશ્રી જયંતિભાઈ / બાલાબેન શાહ (જોબાલિયા) પરિવારે ઘણો પ્રેમપરિશ્રમ લઈ આ પ્રવાસનું તા. ૧ થી ૭ મે, ૨૦૧૨ દરમ્યાન આયોજન કર્યું હતું. ઉપરોક્ત પરિવાર દ્વારા મહારાષ્ટ્રીય પરંપરા પ્રમાણે પાઘડી પહેરાવીને પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. તા. ૧-૫-૨૦૧૨ના રોજ આદ.શ્રી નિર્મળાબેન રસિકભાઈ મહેતાના નિવાસસ્થાને સૌના આહાર-આવાસાદિની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભક્તિના કાર્યક્રમ બાદ આદ. નિર્મળાબેન મહેતા તરફથી પ્રભાવના રાખવામાં આવી હતી.

તા. ૨-૫-૨૦૧૨ ના રોજ કોબા તથા પૂના રાજ પરિવારના સભ્યો પંચગીની પહોંચ્યા; જ્યાં ઉતારા માટે સુંદર વ્યવસ્થા હતી. અત્રે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ભક્તિ તથા ધર્મચર્ચા થતા હતા.

તા. ૪-૫-૨૦૧૨ના રોજ પંચગીનીના દેરાસરમાં ભગવાન મહાવીરની ભાવપૂજા સૌએ કરી. પૂજ્યશ્રીએ ધર્મવાર્તામાં પ્રભુના દર્શનની વિધિ તથા માહાત્મ્ય સમજાવ્યું હતું. ત્યારબાદ પૂજ્યશ્રી સાથે સૌ Mapro નામની શરબત-જામ-ચોકલેટ બનાવતી ફેકટરી જોવા ગયા હતા. આ કંપનીના માલિક વોરા ફેમીલી કૃપાળુદેવના અનન્ય ભક્ત છે. તેઓ સહકુટુંબ પૂજ્યશ્રીના દર્શન-સત્સંગ માટે પધાર્યા હતા અને પૂજ્યશ્રી સાથે ધર્મચર્ચા કરી હતી. પૂજ્યશ્રીએ વોરા ફેમીલીને કોબા પધારવા નિમંત્રણ આપ્યું હતું. તા. ૫-૫-૨૦૧૨ના રોજ પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રીએ શ્રી શૈલેશભાઈ મહેતા, શ્રી હિતેનભાઈ હરિયા, શ્રી દિવ્યેશભાઈ બાટવિયા વગેરે મુમુક્ષુઓ સાથે મહાબળેશ્વરની મુલાકાત લીધી હતી.

તા. ૬-૫-૨૦૧૨ના દિવસે આદ.શ્રી પ્રતાપભાઈ મહેતાના નિવાસસ્થાને સૌ પધાર્યા. રાત્રે પૂજ્યશ્રીના સત્સંગ તથા ભક્તિનો કાર્યક્રમ યોજાયેલ; જેમાં આદ.શ્રી નીતાબેન (પૂના) તેમજ બા.બ્ર. સુરેશજીએ ભાવવાહી ભક્તિ કરાવી હતી. શ્રી પ્રતાપભાઈ મહેતા પરિવાર તરફથી પ્રભાવના રાખવામાં આવી હતી.

તા. ૭-૫-૨૦૧૨ના રોજ પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પૂનાથી નીકળીને સુખરૂપ કોબા પહોંચી

ગયા હતા. ઉપરોક્ત સમય દરમ્યાન પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સારું રહ્યું હતું. પૂનાના મુમુક્ષુઓ તરફથી સંસ્થાને રૂા.૩૦,૦૦૦/- નું દાન સંપ્રાપ્ત થયું છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે.

આવા સુંદર આયોજન માટે પૂનાના મુમુક્ષુઓને સંસ્થા વતી હૃદયથી અનેકશઃ ધન્યવાદ આપી અનુમોદના કરીએ છીએ. પૂજ્યશ્રી સૌને ધર્મવૃદ્ધિ માટે શુભાશીર્વાદ પાઠવે છે. વીસેક મુમુક્ષુઓ પૂજ્યશ્રીની સેવામાં રહ્યા હતા અને સૌએ સેવા-ભક્તિ-સત્સંગનો લાભ લીધો હતો.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

તા. ૮-૫-૧૨ના રોજ આદ. મુમુક્ષુ ભાઈશ્રી દિનેશભાઈ તથા આદ. બહેનશ્રી તરલાબેન બાવીસી પરિવાર તરફથી સ્વ. બહેનશ્રી સ્નેહલબેન પરાગભાઈ બાવીસીના આત્મશ્રેયાર્થે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ પછી પૂજ્યશ્રીએ મનનીય બોધ આપતાં જણાવ્યું હતું કે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર આ કાળનું અછેરુ છે. ગુજરાતી ભાષામાં આવું શાસ્ત્ર રચાયું તે આશ્ચર્યકારક ઘટના છે. તેની બધી ગાથાઓ મોક્ષમાર્ગમાં મંત્ર સમાન છે. આપણે આ સત્શાસ્ત્રની ઉપાસના કરવી જોઈએ.

શ્રી આત્મસિદ્ધિ ગાથા-૧૭ આધારે બોધ આપતાં પૂજ્યશ્રીએ કહ્યું હતું કે આપણે સ્વચ્છંદપણું અને હઠાગ્રહ છોડીને જે લક્ષ શ્રી સદ્‌ગુરુએ કર્યો છે તેજ લક્ષ કરીએ તો અવશ્ય સમક્તિ પ્રગટે. સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે આત્માને ઢાળવો.

આ નિમિત્તે આદ. શ્રી દિનેશભાઈ બાવીસી પરિવાર તરફથી સંસ્થામાં નીચે પ્રમાણે દાનરાશિ અર્પણ કરેલ છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરી તેમના દાનની અનુમોદના કરે છે. પૂજ્યશ્રી સમગ્ર પરિવારને ધર્મવૃદ્ધિના શુભાશીર્વાદ પાઠવે છે.

| | | | |
|---|---|---|---|
| ભોજનાલયની કાયમી તિથિ | - | રૂા. | ૧,૫૧,૦૦૦-૦૦ |
| છાશકેન્દ્ર માટે | - | રૂા. | ૧૫,૦૦૦-૦૦ |
| મેડિકલ સેન્ટર માટે | - | રૂા. | ૧૫,૦૦૦-૦૦ |
| | કુલ | રૂા. | ૧,૮૧,૦૦૦-૦૦ |

## કુકડિયા મુકામે સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૧૨-૫-૧૨ના રોજ સાબરકાંઠાના કુકડિયા ગામમાં પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સત્સંગ સમારોહનું સુંદર આયોજન થયું હતું. આ આયોજન ભાઈશ્રી પુંજાભાઈ / કંકુબેન પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. આપણી સંસ્થાના યુવાસાધકો ભક્તિ અર્થે આગલે દિવસે સાંજે ગયા હતા અને રાત્રે આપણા ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈશ્રી જનકભાઈ ગભાભાઈના નવા નિવાસસ્થાને ભાવવાહી ભક્તિ કરી હતી.

સવારની સત્સંગ સભામાં આદરણીય શ્રી જોઈતારામભાઈ, આદ. શ્રી સુરેશજી તથા પૂજ્ય બહેનશ્રીએ પ્રાસંગિક ધર્મવાર્તા કરી હતી.

પૂજ્યશ્રીએ સંતશ્રી પુનિત મહારાજના પ્રચલિત પદ "વહાલા મારા હૈયામાં રહેજે..." ઉપર બોધ

આપતા જણાવ્યું હતું કે આપણે પરમાત્માને કહેવું કે હે પ્રભુ ! તમે મારા હૃદયમાં રહેશો તો જ મારું મન સ્થિર રહેશે. હે પ્રભુ ! મારું શરણ તારા ચરણમાં છે. હવે જેમ તમે કહેશો તેમ હું કરીશ.

સત્સંગ પછી આપણા જ ગુરુકુળના વિદ્યાર્થી ભાઈશ્રી જનકભાઈ ગભાભાઈના નવા નિવાસસ્થાને પૂજ્યશ્રીએ 'સંતમિલન મંદિર'માં પરમકૃપાળુદેવ, પૂજ્ય જેસીંગબાવજી, પૂજ્ય લાલાબાવજી તથા અન્ય સંતોના ચિત્રપટોની સ્થાપના કરી હતી. પૂજ્ય બહેનશ્રીના હસ્તે પૂજ્યશ્રીના ચિત્રપટની સ્થાપના કરાવી હતી.

સમગ્ર કાર્યક્રમ ભક્તિયુક્ત પવિત્ર વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે આદ.શ્રી પુંજાભાઈ/ કંકુબેન પરિવાર તરફથી સંસ્થાને ૧૧,૦૦૦/- રૂપિયાનું દાન સંપ્રાપ્ત થયેલ છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે. સુંદર સત્સંગના આયોજન માટે સંસ્થા સૌને ધન્યવાદ આપે છે. પૂજ્યશ્રી સમગ્ર પરિવારના સભ્યોને શુભાશીર્વાદ પાઠવે છે.

## લંડનમાં યોજાયેલો મહાવીરસ્વામીના જિનાલયનો વિશિષ્ટ, ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

બ્રિટનની અગ્રણી સંસ્થા મહાવીર ફાઉન્ડેશનના ઉપક્રમે લંડન શહેરના કેન્ટન વિસ્તારમાં મહાવીર સ્વામી જિનાલયની પ્રતિષ્ઠાનો ૫મી એપ્રિલથી ૯મી એપ્રિલ દરમિયાન આગવો દષ્ટિકોણ ધરાવતો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ માટે સંપૂર્ણ શાસ્ત્રીય વિધાનનો આગ્રહ રાખવામાં આવ્યો તેમજ બધી આવશ્યક પૂજાઓનું આયોજન કરવામાં આવ્યું. ઉત્સાહી 'યંગ એલર્ટ ગ્રુપ'ની સાથોસાથ ૨૦૦ જેટલાં યુવાનોએ સ્વયંસેવક તરીકે કામગીરી બજાવી હતી. આમાં બાળકો અને યુવાનોને રસ પડે તે માટે અંગ્રેજીમાં જૈન ધર્મની નાટિકાઓ, સંવાદો તેમજ ગીતો અને સ્તુતિઓનો પાઠ રાખવામાં આવ્યો. મહાવીર ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી વિનોદ કપાસીએ કહ્યું કે જે ભૂમિ પર આપણે રહીએ છીએ, તે ભૂમિનું આપણા પર ઋણ છે. એ ઋણ અદા કરવા માટે આયુષ્યના અંતિમ સમયે બીમાર માણસોની સેવા કરતી હૉસ્પિસ સંસ્થા, કેન્સર, સ્ટ્રોક અને હાર્ટને માટે સંશોધન કરી રહેલી સંસ્થાઓ તથા પ્રાણીઓની સંભાળ લેતી સંસ્થાને દાન આપવામાં આવ્યું. ભગવાન મહાવીરના ગણધર ગૌતમસ્વામીના જીવન અને તત્ત્વજ્ઞાન પર આધારિત એવી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની રોજ બે - બે કલાકની 'ગૌતમકથા' રાખવામાં આવી હતી.

આ પ્રસંગે પૂજ્યશ્રી જિનચંદ્રજી તથા આદ. શ્રી નલિનભાઈ કોઠારી (ભાઈશ્રી)ની ઉપસ્થિતિ સહુને પ્રેરક બની હતી. લંડનની શેરીઓમાં નીકળેલી શોભાયાત્રામાં જૈન સમાજના તમામ ફિરકાઓ તથા સંસ્થાઓના અગ્રણીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉત્કૃષ્ટ સ્ટેજ ડેકોરેશન, ત્રિશલામાતાના ૧૪ સ્વપ્નોની રંગોળી, શત્રુંજયનું ૩૨ ફૂટ લાંબુ ચિત્રપટ એ આ પ્રતિષ્ઠાના આગવાં આકર્ષણો બની રહ્યા.

આ પ્રતિષ્ઠામાં ૧૫૦૦ થી ૨૦૦૦ લોકોએ ભાગ લીધો અને લંડનના હાર્દ સમા વિસ્તારમાં ઉત્કૃષ્ટ કલાકોતરણી ધરાવતું જિનાલય પામીને હાજર રહેલા સહુ કોઈને ધન્યતાનો અનુભવ કર્યો.

## કબીર પ્રાગટ્ય મહોત્સવ સાનંદ સંપન્ન

સંત કબીરજીની ૬૧૪મી જન્મજયંતી પ્રસંગે સંત કબીર સેવા પ્રતિષ્ઠાન દ્વારા ગુજરાત વિશ્વકોશ ભવન, અમદાવાદ મુકામે તા. ૩-૬-૨૦૧૨ના રોજ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ ગયા. ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી ભોળાભાઈ પટેલે સમારોહનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું. સંતશ્રી નિર્મદદાસજી, પૂજ્યશ્રી આત્માનંદજીનું પાવન સાન્નિધ્ય સૌને સંપ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ 'કબીરજીનું જીવન' વિષય પર તથા આદ.શ્રી દલપતભાઈ પઢિયારે 'લોકજીવનમાં કબીર' વિષય પર સુંદર વક્તવ્યો આપ્યા હતા. પૂજ્યશ્રી આત્માનંદજીએ આશીર્વચન આપ્યા હતા. આ પ્રસંગે આદ.શ્રી શંકરભાઈ બારોટે કબીર સાહેબનાં પદોનું શાસ્ત્રીય રાગોમાં ગાન કર્યું હતું.

## વૈરાગ્ય સમાચાર

### સલ્લેખનાપૂર્વક સમાધિમરણ

**[૧] જયપુર :** જૈનજગતના વિદૂષી આર્યિકા **પૂ. સુપાર્શ્વમતી માતાજી**નું ૮૫ વર્ષની વયે સલ્લેખનાપૂર્વક સમાધિમરણ થયું છે. ડુંગરગઢમાં વિરાજમાન ૧૦૮ પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ સસંઘ સાન્નિધ્યમાં આર્યિકા માતાને ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી. પૂ. આર્યિકા માતાની મોક્ષમાર્ગની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી કોબા પરિવારની પ્રભુને ભાવપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] લક્ષ્મીપુરા :** આપણી સંસ્થા સાથે સંકળાયેલ સેવાભાવી મુમુક્ષુ આદ.શ્રી ડૉ. અરવિંદભાઈ પ્રજાપતિના **માતુશ્રી અંબાબેન રેવાભાઈ પ્રજાપતિ**નું તા. ૩૦-૪-૨૦૧૨ ના રોજ ૮૨ વર્ષની વયે હાર્ટએટેક આવવાથી શાંતિપૂર્વક દેહાવસાન થયું છે. તેઓને પરમકૃપાળુદેવ અને અન્ય સંતો પ્રત્યે ખૂબ અહોભાવ હતો. પૂ. કોદરીબા - પોશીનાવાળા સાધ્વીજીને તેઓએ ગુરુપદે સ્થાપી સમર્પિત થયા હતા. પરદુઃખભંજન અને વહીવટી કુશળતા એ તેઓશ્રીના વ્યક્તિત્વની વિશેષતાઓ હતી. તેઓ પ્રસંગોપાત આપણી સંસ્થામાં પધારી સત્સંગનો લાભ લેતા હતા. છેલ્લે રામનવમીના દિવસે લક્ષ્મીપુરામાં તેઓશ્રીએ પૂજ્યશ્રીના દર્શન અને સત્સંગનો લાભ લીધો હતો. તેઓ ધર્મપ્રેમી અને મિલનસાર સ્વભાવના હતા. તેઓ પોતાના સંતાનોને ધર્મનો વારસો આપતા ગયા છે. સ્વર્ગસ્થની અંતિમ ક્ષણો દરમ્યાન ડૉ. અરવિંદભાઈ હાજર હતા. પૂજ્ય બહેનશ્રીએ સંસ્થા વતી ફોન દ્વારા શ્રદ્ધાંજલી અર્પી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી કોબા પરિવારની હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[3] કેનેડા (વૅનકુવર) :** આપણી સંસ્થા સાથે સક્રિય રીતે સંકળાયેલા આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસીના પુત્રવધૂ તથા બહેનશ્રી દીપ્તિબેનના ભાભી **શ્રી સ્નેહલબેન પરાગભાઈ બાવીસી**નું તા. ૧૨-૪-૧૨ના રોજ ૩૫ વર્ષની વયે દેહાવસાન થયું છે. અસાધ્ય એવા દર્દમાં પણ તેઓએ સમભાવ રાખ્યો હતો અને શાંતિપૂર્વક પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં દેહત્યાગ કર્યો. તેઓ ધર્મપ્રેમી અને મિલનસાર સ્વભાવના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી કોબા પરિવારની પ્રભુને ભાવપૂર્વકની પ્રાર્થના છે.

# ઘડિયાળની ઘંટડીનું તત્ત્વજ્ઞાન

પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા

વાગે ઘડિયાળની ઘંટડી ને કાંઈ
સમજણ દેતી જાય રે... ઘંટડી વાગે છે.

એક વાગે ત્યારે એવું બતાવે
એકલો આવ્યો જીવ રે... ઘંટડી...

બે વાગે ત્યારે એવું બતાવે
રાગ-દ્વેષ દોય છોડ રે... ઘંટડી...

ત્રણ વાગે ત્યારે એવું બતાવે
ત્રણ તત્ત્વોને સેવ રે... ઘંટડી...

ચાર વાગે ત્યારે એવું બતાવે
ચારેય કષાયો છોડ રે... ઘંટડી...

પાંચ વાગે ત્યારે એવું બતાવે
પાંચ મહાવ્રત ધાર રે... ઘંટડી...

છ વાગે ત્યારે એવું બતાવે
રક્ષો છ જીવનિકાય રે... ઘંટડી...

સાત વાગે ત્યારે એવું બતાવે
સાત ભયોને ટાળ રે... ઘંટડી...

આઠ વાગે ત્યારે એવું બતાવે
આઠ અભિમાનને છોડ રે... ઘંટડી...

નવ વાગે ત્યારે એવું બતાવે
નવ બ્રહ્મગુપ્તિ ધાર રે... ઘંટડી...

દશ વાગે ત્યારે એવું બતાવે
સાધુ ધર્મ દશ પ્રકાર રે... ઘંટડી...

અગિયાર વાગે ત્યારે એવું બતાવે
શ્રાવક પડિમા અગિયાર રે... ઘંટડી...

બાર વાગે ત્યારે એવું બતાવે
ધારો શ્રાવક વ્રત બાર રે... ઘંટડી...

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014

# કુકડિયા (તા. ઈડર) મુકામે યોજાયેલ સત્સંગ સમારોહની વેળાએ
(તા. ૧૨-૫-૨૦૧૨)










## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' જૂન-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ આદ. શ્રી ચંદ્રવદનભાઈ ભગવાનદાસ શાહ** આંબાવાડી, અમદાવાદ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' જૂન-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ આદ. શ્રી ભાવેશભાઈ સુમતિચંદ્ર દોશી,** મુંબઈ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah